**સુવિચાર**
જેમ આપણે આપણા ધર્મનો આદર કરીએ છીએ તેમ બીજા ધર્મનો પણ આદર કરીએ. ધર્મનું કામ લોકોના દિલને જોડવાનું છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૬/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અષાઢ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૬૩

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## બિહારનાં પાટનગરમાં કદાવર વિપક્ષી નેતાઓની બેઠક યોજાઈ

# લોકસભા ચૂંટણી સાથે મળીને લડવા વિપક્ષો સહમત

**આગામી મહિને હિમાચલ પ્રદેશનાં પાટનગર શિમલા ખાતે પુનઃ વિપક્ષી નેતાઓની બેઠક યોજાશે**

**બિહારનાં મુખ્યમંત્રી નીતિશકુમારની પહેલ પર ૪ કલાકની બેઠક બાદ વિપક્ષોએ એકતાનો દાવો કર્યો**

**દેશનાં કદાવર વિપક્ષી નેતાઓ ભાજપ સરકાર સામે આકરા પાણીએ જોવા મળ્યા**

**આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને વિપક્ષો વચ્ચે ખરાખરીનો જંગ જામવાનાં એંધાણ**



પટના, તા. ૨૩
રાજધાની પટનામાં મુખ્યમંત્રી આવાસ પર શુક્રવારે યોજાયેલી બેઠક લગભગ ચાર કલાક સુધી ચાલી હતી. આ બેઠકને લઈને જે માહિતી સામે આવી છે તે મુજબ નીતિશ કુમારને વિપક્ષી એકતાના સંયોજક બનાવવામાં આવી શકે છે. વિપક્ષો આગામી લોકસભાની ચૂંટણી સાથે મળીને લડવા તૈયાર થયા છે.

આ બેઠકમાં રાહુલ ગાંધી, મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ, મહેબૂબા મુફતી, શરદ પવાર, મલ્લિકાર્જુન ખડગે, ઉદ્ધવ ઠાકરે, સુપ્રિયા સુલે, અખિલેશ યાદવ, અજિત પવાર, ભગવંત માન, રાઘવ ચઢ્ઢા, એમકે સ્ટાલિન, હેમંતસોરેન સહિત લગભગ ૧૫ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.

વિપક્ષી પાર્ટીઓની પ્રેસ કોન્ફરન્સમાં સૌથી પહેલા લાલુ યાદવ અને શરદ પવાર પહોંચ્યા હતા. તેમની સાથે સુપ્રિયા સુલે પણ હાજર હતાં. આ પછી મહેબૂબા મુફતી અને અન્ય નેતાઓ મંચ પર પહોંચ્યા. જો કે આ દરમિયાન અરવિંદ કેજરીવાલ અને એમકે સ્ટાલિન હાજર ન હતા. તે પોતાના વતન જવા રવાના થયા હતા. પ્રેસ કોન્ફરન્સમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે સાથે મળીને ચૂંટણી લડવા માટે સમજૂતી થઈ ગઈ છે. આગામી બેઠક થોડા દિવસોમાં શિમલામાં યોજાશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતના પાયા પર હુમલો થઈ રહ્યો છે. ભાજપ ઈતિહાસ, સંસ્થાન પર હુમલો કરી રહી છે. આ વિચારધારાની લડાઈ છે. અમે નક્કી કર્યું છે કે અમે સાથે મળીને કામ કરીશું. અમે અમારી વિચારધારાની રક્ષા કરીશું. તેમણે એમ પણ કહ્યું કે નાના-મોટા મતભેદો હશે.

મમતા બેનર્જીએ કહ્યું કે પટનામાં ઘણું આંદોલન શરૂ થયું. આ બેઠક પટનાથી શરૂ થઈ હતી. અમે એકજૂટ છીએ. અમે સાથે મળીને લડીશું. અમને વિરોધી ન કહો - અમે પણ દેશના નાગરિક છીએ. આપણે ભારત માતા પણ કહીએ છીએ. આ ભાજપની સરમુખત્યારશાહી છે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે તમામ રાજ્યોની અલગ અલગ સીટો પર ચર્ચા થશે. એજન્ડા પણ નક્કી કરવામાં આવશે. શરદ પવારે કહ્યું કે આપણે બધા સાથે મળીને લડીશું. પરસ્પર મતભેદ છોડીને આગળ વધીશું.

મહેબૂબા મુફતી જે જમ્મુ-કાશ્મીરમાં બનતું હતું તે આખા દેશમાં થઈ રહ્યું છે. અમે ગાંધીના દેશને ગોડસેનો દેશ નહીં બનવા દઈએ. આપણે ગાંધીજીના દેશ માટે હાથ મિલાવ્યા છે. અમારી એકતા નીતિશ માટે મોટી સફળતા છે.

અનુસંધાન પાના ૬ ઉપર

**કોટન જીનીંગ યુનીટ વેચવાનું છે**
સાવરકુંડલામાં મહુવા રોડ ઉપર નેશનલ હાઈવે ટચ ફુલી ઓટોમેટીક કોટન જીનીંગ પ્રેસીંગ ફેકટરી તથા ફુલી ઓટોમેટીક HPS શીંગદાણાની ફેકટરી, ચાલુ યુનીટ, ટાઈટલ કલીયર, ઈન્ડ. હેતુની NA કરેલી જમીન અંદાજે ૨૦૦૦૦ વાર સહીત ચાલુ યુનીટ વેચવાનું છે.
સંપર્ક : 9429581542

**પ્રવેશ કાર્ય શરૂ છે**
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેક્ટ નંબર : ૯૪૨૭૨ ૪૯૨૫૬ - ૯૯૨૫૬ ૯૦૦૫૫
**જોઈએ છે**
(૧) કમ્પ્યુટર ઓપરેટર - ૦૨
(૨) કલાર્ક - ૦૨
શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.

**નારી હોસ્પિટલ**
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.



નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

**કેન્ડોર** આઈ.વી.એફ સેન્ટર
ડૉ. જયદેવ ધામેલીયા
MBDGO (આઈ.વી.એફ સ્પેશ્યાલિસ્ટ)
(14 Years Experience)
ડૉ. ધારા વાઘાણી
IVF Counsellor, BAMS
(6 Years Experience)



ફ્રિ માર્ગદર્શન કેમ્પ
Date 25 06-2023 રવિવાર
**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ**
**ડૉ. ચેતના મુરારકર**
M.B.B.S., DGO
(Laparoscopic Surgeon & IVF Specialist)
હવે, તમારા ઘરે પણ ગૂંજશે ખુશીઓની કિલકારી
:: સમય ::
સવારે ૧૦:૦૦ થી ૨:૦૦
વધારે માહિતી માટે સંપર્ક
63512 80112, 94264 23004
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

**સહકારના પારસમણીને ખુબ ખુબ અભિનંદન**
માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રીશ્રી
માન.શ્રી પરષોતમભાઈ રૂપાલા
ડેરી, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ મંત્રીશ્રી
માન.શ્રી અમીતભાઈ શાહ
સહકાર મંત્રીશ્રી
Amul
The Taste of India





અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના બીજ વાવીને વટવૃક્ષ બનાવનાર એક જ સિક્કાની બે બાજુ એવા અમરેલી જિલ્લામાં સહકારી પ્રવૃતિની શરૂઆત કરનાર અમારી સંસ્થાના આદરણીય સ્થાપક ચેરમેન અને રાષ્ટ્રીય સહકારી આગેવાન તેમજ હાલમાં જ ઓલ ઈન્ડિયા કો ઓપરેટીવ બેંક ઓફ ઈન્ડિયાના ડાયરેકટર પદે બીન હરીફ વરણી થઈ છે તેવા **માન. શ્રી દિલીપભાઈ સંઘાણી** તથા સ્થાપક ડાયરેકટર **માન. શ્રી પરષોતમભાઈ રૂપાલા સાહેબ**ની જોડીએ સહકારી જગતમાં શરૂ કરેલી ક્રાંતિકારી પહેલને કારણે આજે અમરેલી જિલ્લા બેન્કની ઉન્નતિથી અમરેલી જિલ્લામાં તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં શ્વેતક્રાંતિનું સર્જન કરી અમર ડેરીની સ્થાપનાથી હજારો લોકોને રોજગારી આપી રાજ્યસ્તરે ગુજકો માસોલ જેવી મંદ પડેલ સંસ્થામાં પ્રાણ પુરીને ૧૦૦ કરોડ જેવો વિક્રમજનક નફો કરી ૨૨ ટકા ડિવીડન્ડ આપી અને રાષ્ટ્રીયસ્તરે નાફેડ જેવી સંસ્થાઓમાં પણ પ્રાણ પુરી દેશના સહકારી ક્ષેત્રના રાહબર આદરણીય સહકાર શિરોમણી **માન.શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ**નાં નેતૃત્વમાં દુનિયાની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોએ ચાર હજાર કરોડનોવિક્રમજનક નફો કરી પચીસ વર્ષ સુધી ૨૦ ટકા જેવું ડિવીડન્ડ સભાસદોને કાયમી ધોરણે પ્રાપ્ત કરાવવા બદલ અને માન. પ્રધાનમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ**નાં 'સહકારથી સમૃદ્ધિ'ના સૂત્રને માન.સહકાર મંત્રી **શ્રી અમીતભાઈ શાહ સાહેબ** ના માર્ગદર્શનથી ખરાઅર્થમાં સાકાર કરનાર એવા સહકારના પારસમણી પરમ આદરણીય **શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ** ને જિલ્લાના હજારો પશુપાલકો, ખેડૂતો વતી હૃદયથી ખુબ ખુબ અભિનંદન...


: શુભેચ્છક :
શ્રી અશ્વિન સાવલીયા
ચેરમેનશ્રી
શ્રી મુકેશ સંઘાણી
વાઈસ ચેરમેનશ્રી
ડો. આર. એસ. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર
તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
**અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "અમર ડેરી"**

# અમરેલી જિલ્લાને જેમણે પોતાનું હમવતન બનાવી રાખ્યું તે આર.ડી ઝાલા નામનો એક યુગ સમાપ્ત

**મહાન શખ્સીયત...નખશિખ પ્રમાણીક... ખાખીનાં નામ ઉપર ચાર ચાંદ લગાવી દેનાર, ભાવનગર રાજ કુટુંબ સાથે પારિવારિક સંબંધ ધરાવનાર, પોલીસ નામનાં નભમાં ચમકતો સિતારો ખરી પડયો : તા. ૨૪ જૂન શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે અમરેલી જિલ્લાના ધારી મુકામે સ્વર્ગસ્થ આર.ડી. ઝાલાને શ્રધ્ધાંજલિ આપવા માટે એક પુષ્પાંજલિ સભાનું આયોજન બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે કરવામાં આવેલ છે**





મિસ્ટર એન્ડ મિસિસ ઝાલા




પ્રાતઃસ્મરણિય, સાધુ ચરિત આઈ.પી.એસ. રઘુરાજસિંહજી દિલીપસિંહજી ઝાલા જેમને જાહેર જનતા અને સમગ્ર પોલીસ ડિપાર્ટમેન્ટ આર.ડી. ઝાલા સાહેબ તરીકે ઓળખતા હતા. તેમનું દુઃખદ અવસાન ગઈ તારીખ ૨૦ જૂન મંગળવારના રોજ રાજકોટ મુકામે થયું હતું તેઓ ૮૬ વર્ષના હતા અને નિવૃત્ત થયા પછી પણ આ વિસ્તારના લોકોમાં એટલી બધી લાગણી અને સંબંધો એવા કે અમરેલી જિલ્લામાં ધારી તાલુકાના ગઢીયા મુકામે જંગલની અંદર પોતાનો આજીવન નિવાસ કરી જાતે જાત મહેનત કરી ખેતી કરતા હતા.પોતાના રહેણાંકના બંગલામાં લગભગ ૨૫ વર્ષ સુધી તો ઈલેક્ટ્રીક કનેકશન જ લીધું નહોતું માત્રને માત્ર કુદરતના ખોળે પોતાનું જીવન શાંતિથી પસાર કરતા હતા. પરંતુ બાદમાં સ્નેહી મિત્રોનાં હઠાગ્રહથી વીજ કનેકશન લીધું. આજીવન નખશિખ પ્રમાણીક જીવન જીવ્યા અને એક ન ભૂતો ન ભવિષ્યતિ ઉદાહરણ પૂરૂં પાડીને સ્વર્ગે સીધાવ્યા. આર.ડી ઝાલા સાહેબનું પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે પ્રથમ પોસ્ટિંગ ખાંભા જીલ્લો અમરેલી હતું. પોતાના ખાંભા પોલીસ સ્ટેશનના અધિકારી તરીકે જેટલો સમય પસાર કર્યો તે દરમિયાન તેમણે આ સમગ્ર વિસ્તારના ખેડૂતોને પોતાના તરફથી બાંહેધરી આપી હતી કે હું જયાં સુધી ખાંભામાં નોકરી કરૂં છું ત્યાં સુધી તમારા ખેતરમાં પડેલા માલ સામાનની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે માટે કોઈએ ચોરીની બીક રાખીને પોતાની વસ્તુઓ ઘરે લઈ જવી નહીં. દરમિયાન આ સમય દરમિયાન પોતે એક ઊંટ રાખતા હતા અને ઊંટના ચારે પગમાં અને ડોકમાં ઘૂઘરા બાંધેલા હતા. દરરોજ રાતે નિયમિત રીતે વહેલી સવાર સુધી પોતે પોતાના આ સાંઢીયાને લઈને સમગ્ર ખાંભા વિસ્તારની સીમમાં પેટ્રોલિંગ કરતા રહેતા અને સમગ્ર વિસ્તારની જનતા શાંતિની ઊંઘ માણી શકતી. આવા અધિકારીની જયારે બદલી કરવામાં આવી ત્યારે સમગ્ર ખાંભા વિસ્તાર ઝડબેસલાક બંધ રહ્યો હતો અને બદલીનો વિરોધ કર્યો હતો. ઘરફોડ ચોરી માટે તો એમની પાસે અદભુત સૂઝબુજ હતી સ્થળ ઉપરનું નિરીક્ષણ કરીને પોતે જાહેર કરતા કે આ ચોરી કઈ ગેંગે કરેલી છે અને અત્યારે આ ગેંગ કઈ જગ્યાએ છે તે તપાસ કરીને પકડી લાવતા અને ખરેખર આ ગેંગ જ ચોરીમાં સંડોવાયેલ નીકળતી. એક સમયે જામનગરમાં આર.ડી. ઝાલા સાહેબ હોમ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તે સમયના જામનગરના એક કુખ્યાત માથાભારે શખ્સે ટ્રાફિક કોન્સ્ટેબલને જાહેરમાં થપ્પડો મારી દીધી હતી. આ વાતની જાણ ઝાલાને થતા તરત જ તેમણે સમગ્ર જામનગર શહેરની તમામ પોલીસ સ્ટેશનની પોલીસને પોલીસ ગ્રાઉન્ડમાં હાજર થવા આદેશ કર્યો અને તમામ સ્ટાફને જાહેરમાં માઈક દ્વારા સૂચના આપી કે જે બનાવ બન્યો છે એ વ્યકિતગત નથી પરંતુ સમગ્ર પોલીસના નામ ઉપર આ થપ્પડ છે માટે તમે બધા બીજા કામ બાજુએ રાખી અત્યારેને અત્યારે આ માથાભારે શખ્સને ગમે ત્યાંથી શોધી અને મારી સમક્ષ રજૂ કરો આ આદેશ છૂટતાં સમગ્ર પોલીસ ગુંડાની શોધખોળમાં લાગી ગઈ અને ગણતરીની કલાકોમાં પકડી લીધો અને સાહેબ પાસે હાજર કર્યો. ત્યારે આર.ડી. ઝાલા સાહેબ તથા આખા જામનગર શહેરના અધિકારીઓ અને પોલીસ જવાનો સાથે જામનગરની વચ્ચે એક ચોક આવેલો છે ત્યાં ચોકની વચ્ચે એક ખાડો ખોદવામાં આવ્યો અને આ ખાડામાં આ ગુંડાને કમર સુધી માટી નાખી દાટી દેવામાં આવ્યો. ત્યારબાદ તેની ઉપર જાજમ ઢાંકી દેવામાં આવી અને આર.ડી. ઝાલા સાહેબે તમામ પોલીસને આદેશ કર્યો કે તમે બધા વારાફરતી જયાં સુધી થાકો નહીં ત્યાં સુધી આ નરાધમને લાઠીથી ફટકારો. આ બનાવ પછી જયાં સુધી આર.ડી. ઝાલા સાહેબ જામનગરમાં ફરજ બજાવતા હતા ત્યાં સુધી એક પણ ગુંડો નજરે પડતો ન હતો. આવા તો અસંખ્ય દાખલાઓ તેમની બહાદુરીના તેમની પ્રમાણિકતાના તેમની સજજનતાના તેમની વીરતાના છે કે આખું પુસ્તક બહાર પાડવું પડે. એક વખત એક સર્કિટ હાઉસની અંદર પોતે રહેતા હતા ત્યારે શહેરનો કોઈ મોટો બિઝનેસમેન પોતાના કોઈક ગેરકાયદે કામ માટે સાહેબ પાસે આખી સુટકેસ ભરીને પૈસા આપવા આવ્યો અને આર.ડી. ઝાલા સાહેબ સમક્ષ પૈસાની ઓફર કરી અને ટેબલ ઉપર પૈસા ભરેલી બેગ ખુલ્લી કરી અને મૂકી. આ જોઈ સાહેબનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો અને પૈસા ભરેલી સુટકેસને એક એવું પાટુ માર્યુ કે હવામાં ચારે બાજુ ઉડવા લાગી. સમગ્ર સર્વિસ દરમિયાન કોઈપણ પ્રકારના ભેદભાવ વગર પ્રમાણિકતાથી કોઈપણ જ્ઞાતિ, જાતિ કે ધર્મ કે સગા–સંબંધીઓ વગેરેની દરકાર રાખ્યા વગર કાયદાની એક જ લાકડીએ તમામ ગુનેગારોને સરખી જ નસ્યત બતાવી દીધી છે. છેલ્લે અતિ સંવેદનશીલ વિસ્તાર ગોધરામાં એસપી તરીકે સેવા બજાવી હતી પરંતુ જે ગોધરા અશાંતિ માટે પંકાયેલ હતું તે ગોધરા એકદમ શાંત રહ્યું હતું. જયારે આર.ડી. ઝાલા સાહેબ નિવૃત્ત થયા ત્યારે તે દિવસે ગોધરાની અંદર હજારો લોકોની મેદની વચ્ચે પોલીસ અધિકારીઓ તથા તમામ સ્ટાફ દ્વારા સાહેબને જીપમાં બેસાડીને દોરડાથી ખેંચીને સમગ્ર શહેરમાં ફેરવ્યા હતા. આવી વિદાય તે પહેલા કોઈપણ અધિકારીને મળી ન હતી. ઘણા તો એવા દાખલા સાંભળ્યા છે કે જે તે અધિકારી નિવૃત્ત થયો હોય તેને પોતાનો સામાન ભરવા માટે પણ કોઈ ફરકતું નથી. આવા મહાન આત્માઓ તો હજારો નહીં પરંતુ લાખોમાં એકાદ જોવા મળે સારાએ ગુજરાતનો પોલીસ ડિપાર્ટમેન્ટ આર.ડી ઝાલા સાહેબને એક ઈશ્વરનું સ્વરૂપ માનતો હતો. એમાંય ખાસ કરીને અમરેલી જિલ્લામાં કોઈ પણ આઈ.પી.એસ. ઓફિસર જિલ્લા પોલીસ વડા તરીકે ચાર્જ સંભાળે કે તરત જ સૌથી પહેલું કામ ગઢીયા મુકામે જંગલની અંદર પોતાનું નિવાસસ્થાન બનાવીને રહેતા આર.ડી. ઝાલા સાહેબને મળવા જાય આ સીલસીલો આજ સુધી અવિરત ચાલુ જ હતો. છેલ્લે સુધી કયારેય પણ કોઈ એવો અટપટ્ટો બનાવ બન્યો હોય તોપોલીસ ઝાલા સાહેબની મદદ અને સલાહ અચૂક લેતી. એકવાર ગઢીયા ગામની સીમમા આવેલ ખોડીયાર માતાના મંદિરમાં ચોરી થઈ અને ચોર મંદિરમાંથી માતાજીના દાગીના, દાન પેટીમાં રહેલી રોકડ રકમ અને બીજી ચીજ વસ્તુઓ ચોરી ગયેલા. એ સમયે ઝાલા સાહેબ એક ઓપરેશન બાબતે અમદાવાદ હોસ્પિટલ એડમીટ હતા ત્યારે ત્યાં ખબર મળ્યા એટલે તેમણે તરત જ ફોન મારફત તપાસનીશ અધિકારી સાથે વાત કરીને બનાવના સ્થળનું વર્ણન કરવા કહ્યું. વર્ણન સાંભળીને તરત જ તેમણે સુચના આપી કે આ ચોરીનું કામ ફલાણી ગેંગનું છે અને તેને ગમે ત્યાંથી પકડો એટલે તેની પાસેથી મુદ્દામાલ કબ્જે થશે અને ખરેખર બન્યું પણ એમ જ. આજે આર.ડી. ઝાલાનાં નામ આગળ સ્વર્ગવાસ લખતા પણ ધ્રુજી જવાય છે.

**– પ્રસ્તુતિ : પ્રતાપભાઈ ખુમાણ**

જિલ્લા વિધાસભા સંચાલિત

## અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ''આંતરરાષ્ટ્રીય યોગ'' દિવસની ઉજવણી

**સૂર્યનમસ્કાર, યોગાભ્યાસ અને વ્યાખ્યાન સહિતનાં કાર્યક્રમો યોજાયા**

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં તારીખ ૨૧/૬/૨૦૨૩ને બુધવારનાં રોજ નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

યોગ એ ભારતની પ્રાચીન પરંપરાને એક અમૂલ્ય ભેટ છે. તે મન અને શરીર, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતા, મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સુમેળ, સ્વાસ્થય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમની એકતા મૂર્તિમંત કરે છે. ૨૦૧૫ થી સમગ્ર વિશ્વમાં પ્રતિવર્ષ ૨૧ જૂને ' વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.



પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કોલેજમાં નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી, જેમાં તા. ૧૭/૬/૨૩નાં રોજ સમગ્ર કોલેજ પરિવાર અને વિદ્યાર્થીનીઓએ સમૂહ સૂર્ય નમસ્કાર કર્યા હતા. તા. ૧૯/૬/૨૩નાં રોજ પોલિસ વિભાગનાં અને આ કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીની પટોળીયા ગૌરીબેનનાં માર્ગદર્શનમાં સમૂહ યોગાભ્યાસ કરાવવામાં આવ્યાં હતા.

તા. ૨૦/૬/૨૩નાં રોજ અમરેલીનાં પ્રતિષ્ઠિત મહિલા યોગ તજજ્ઞ પારૂલબેન ગાંધી અને મમતાબેન મહેતાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ હાજર રહીને લાભ મેળવ્યો હતો અને તા. ૨૧/૬/૨૩નાં રોજ પ્રિન્સી. ડો. ચુડાસમા, યોગ કો–ઓર્ડિનેટર ડો. જયશ્રીબેન મકવાણા અને કોલેજની વિદ્યાર્થીનીઓએ અમરેલી જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સમૂહ યોગાસન કર્યા હતા. ત્યારબાદ કોલેજના એસેમ્બલી હોલમાં સમગ્ર સ્ટાફ મેમ્બર અને વિદ્યાર્થીનીઓએ વિડિયો દ્વારા સમૂહ યોગાસન કર્યા હતા.

બાબરા નજીક આવેલ

## મોટા દેવળીયા નવયુગ વિદ્યાલયમાં યોગ દિવસની ઉજવણી કરાઈ



બાબરા, તા. ૨૩

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે ગ્રામપંચાયત સંચાલિત નવયુગ ઉચ્ચ માધ્યમિક શાળામાં ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ નિમિત્તે ૪૫૦ થી વધારે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પગાર કેન્દ્ર શાળાના પ્રાથમિકના વિદ્યાર્થીઓ, સમગ્ર શિક્ષક સ્ટાફ, મિત્રો તથા ગ્રામજનોએ એક સાથે શાળાના કમ્પાઉન્ડમાં યોગાસનો કર્યા હતા. શાળાના વ્યાયામ ટીચર મહેશભાઈ ચાવડા દ્વારા યોગનુ મહત્વ સમજાવી યોગ ક્રિયાઓ, આસનો અને પ્રાણાયામ કરાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શાળાના આચાર્ય વનરા રાજેશભાઈ દ્વારા ખુબ સરસ આયોજન કરવામાં આવ્યું હતું અને નવયુગ વિદ્યાલયના સમગ્ર સ્ટાફ દ્વારા ખૂબ સહકાર આપવામાં આવ્યો હતો.

## અમરેલી જિલ્લામાં આજે અને કાલે આઈ.ટી.આઈ.માં પ્રવેશ શરૂ રહેશે

અમરેલી, તા. ૨૩

તા. ૨૪ અને તા. ૨૫ જૂન, ૨૦૨૩નાં રોજ જાહેર રજાના દિવસો દરમિયાન પણ જિલ્લાની તમામ આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ રહેશે. આઈ.ટી.આઈ. ખાતે વિવિધ અભ્યાસ ક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારો જાહેર રજાનાં દિવસો શનિવાર અને રવિવારનાં રોજ પણ પ્રવેશ ફોર્મ ભરી શકશે. પ્રવેશ મેળવવા ઈચ્છુક હોય તેવા ઉમેદવારોએ વિના મૂલ્યે રજીસ્ટ્રેશન અને અન્ય માહિતી તથા વિગતો માટે નજીકની આઈ.ટી.આઈ. સંસ્થાનો સંપર્ક કરવા આચાર્ય આઈ.ટી.આઈ– અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**વડિયા રેલ્વે સ્ટેશન પરથી મહિલા મળી આવ્યા**

## અમરેલી : સખી વન સ્ટોપ સેન્ટરે ઉત્તરપ્રદેશની મહિલાનું પુનઃ પરિવાર સાથે મિલન કરાવ્યું

**જિલ્લામાં સખી વન સ્ટોપ સેન્ટરની ઉમદા કામગીરી**

અમરેલી, તા. ૨૩

ભારત સરકાર દ્વારા પુરસ્કૃત રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા સંચાલિત 'સખી વન સ્ટોપ સેન્ટર' અમરેલીએ જિલ્લા મહિલા અને બાળ કચેરીના માર્ગદર્શન તળે અમરેલી સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત છે. હિંસાથી પીડિત મહિલાઓને એક જ છત નીચે તમામ મદદ પૂરી પાડવામાં આવે છે. તાજેતરમાં સખી વન સ્ટોપ સેન્ટર–અમરેલી દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. પરિવારથી વિખૂટા પડી ગયેલા એવા મૂળ ઉત્તરપ્રદેશના અને માનસિક અસ્થિર મહિલાનું સખી વન સ્ટોપ સેન્ટરની પ્રસંશનીય કામગીરીથી પરિવાર સાથે સફળતાપૂર્વક પુનઃ મિલન થયું હતું. તાજેતરમાં વડિયા રેલવે સ્ટેશન પર હિન્દી ભાષામાં વાત કરતા એક મહિલા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને મળી આવ્યાં હતાં. મહિલા માનસિક રીતે થોડા



અસ્વસ્થ જણાતા હોવાથી તેઓ અહીંયા કેવી રીતે પહોંચી ગયા અને કયાંના છે તેની માહિતી સરળતાથી મળી શકે તેમ નહોતી. દરમિયાન સખી વન સ્ટોપ સેન્ટર ખાતે તેમનું કાઉન્સેલીંગ કરવાથી તેમણે તેઓ મૂળ ઉત્તરપ્રદેશના મેરઠના હોવાનું જણાવ્યું હતું. ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લા મહિલા અને બાળ અધિકારી એસ.આઈ. કણઝારીયાના માર્ગદર્શન હેઠળ મેરઠ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો અને મહિલાના પરિવારની ભાળ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દરમિયાન મેરઠ પોલીસની તપાસમાં આ મહિલા ઘરેથી નીકળી ગયાં હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન મહિલાના પરિવાર વિશે ભાળ મળતા તેમના બહેનોના પુત્રનો સંપર્ક કરવામાં આવ્યો હતો. દરમિયાન મહિલા પાસેથી વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અધિકારી અને કર્મચારીઓના સઘન પ્રયાસોથી આ મહિલાના બહેનનો પુત્ર અમરેલી આવી પહોંચતા આ પરપ્રાંતીય મહિલાનું તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં સફળતા મળી હતી. આમ, મહિલા અને બાળ વિકાસ વિભાગના સખી વન સ્ટોપ સેન્ટરની પ્રસંશનીય કામગીરી થકી મહિલાને સુરક્ષિત રીતે પોતાના વતનમાં પહોંચાડવામાં સફળતા મળી છે.

## સરકારી તિજોરીને ખનિજ માફિયાઓ દ્વારા લાખો રૂપિયાની નુકસાની

# લીલીયાનાં ભેંસવડી ગામની શેત્રુંજી નદીમાંથી વ્યાપક પ્રમાણમાં રેતી ચોરી

### ભેંસવડી ગામનાં પૂર્વ સરપંચ દકુભાઈ બુટાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને તપાસની કરી માંગ

### પાંચ લોડર અને ૧૫ જેટલા ટ્રક દ્વારા દિવસ-રાત રેતીની ચોરી થતી હોવાનું જણાવ્યું

### રાત્રિનાં ૧૨ થી વ્હેલી સવારનાં પાંચ સુધીમાં વધારે પ્રમાણમાં રેતી ચોરીનો આક્ષેપ

### સ્થાનિક તંત્રની મીઠ્ઠીનજરતળે જ રેતી ચોરી થતી હોવાનું જણાવતા ચકચાર

લીલીયા, તા. ૨૩

લીલીયાનાં ભેંસવડી ગામનાં પૂર્વ સરપંચ દકુભાઈ બુટાણીએ રાજયનાં મુખ્યમંત્રીથી લઈને ભુસ્તરશાસ્ત્રી સહિતનાં તમામ જવાબદાર પદાધિકારીઓ અને અધિકારીઓને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકામાં પસાર થતી શેત્રુંજી નદીમાં હાલ ઈકો ઝોનમાં હોવાના કારણે નદીમાંથી રેતી ઉપાડવાનો પ્રતિબંધ છે. તેમ છતાં ભેંસવડીથી શેઢાવદર ગામ સુધી શેત્રુંજી નદીમાં પાંપ લોડર અને ૧૫ જેટલા ટ્રક દિવસ-રાત રેતી ચોરી કરી રહ્યાં છે.



જેમાં તંત્રના આશીર્વાદથી ચાલે છે અને નદીમાં સિંહનો વસવાટ ખૂબ મોટો છે તેને નડતરરૂપ બનીને ખનિજ માફિયાઓ કરોડો રૂપિયાની ખનિજ ચોરી કરે છે અને રાત્રીનાં ૧૨ વાગ્યાથી સવરના પાંચ વાગ્યા સુધી સરકારનાં રોયલ્ટી પાસ વગર અને કરોડો રૂપિયાની ચોરી થાય છે અને હાલ લીલીયા તાલુકાના બધા રોડ પર ઓવરલોડ રેતીના કરને ડામર રોડ આખા રેતીથી ભરેલા છે. કચેરીના અમુક અધિકારીઓ પણ કાંડમાં જોડાયેલા છે અને તેમની છાયા નીચે જ આ કાર્ય ચાલું છે અને લીલીયા ગામની અંદર નાવલી મેઈન બજારમાં જાહેરનામું હોવા છતાં રેતીના ટ્રકો મેઈન બજારમાં રાત-દિવસ ટ્રકો ચાલે છે.

વધુમાં જણાવેલ છે કે, નાના લીલીયાથી લીલીયા રોડ ઓવરલોડ ટ્રકનાં કારણે રોડે રેતી જ ઢોળાયેલ છે અને ટુ-વ્હીલર ચાલે નહી તેવી રેતી પડેલ છે. જો લીલીયા તાલુકામાં પસાર થતી નદીમાં માપણી કરવામાં આવે તો કરોડોની ચોરી થયેલ છે અને જવાબદાર અધિકારી સામે તપાસ કરાવવી જોઈએ. કારણ કે આવડી મોટી રેતી ચોરી તંત્ર વગર શકય ના બને અને ખાણ ખનિજનાં સ્ટાફ પણ રાત્રીના સમયે ખનિજ માફિયા સાથે અંટાળીયા મહાદેવ ચોકડીએ સાથે નાસ્તો કરતા હોય છે.

વધુમાં જણાવેલ છે કે, હાલ પોલીસ તંત્રના સીસીટીવી કેમેરા લાગેલ છે જેમાં પૂંજાપાદર, નાના લીલીયા ચોકડી અને લીલીયા ગામે અમરેલી રોડ રિલાયન્સ પંપના કેમેરા છેલ્લા ૧૦ દિવસના બેકઅપ લેવામાં આવે અને તપાસ કરવામાં આવે તો ટ્રક નંબર સહિત તમામ જાણકારી મળી શકે તેમ છે તેમ અંતમાં જણાવેલ છે.

---

### સાવરકુંડલા નજીક આવેલ

## બાઢડા ગામેથી પરિણીતાને ભગાડી જવાનાં મનદુઃખે યુવકનાં પિતાને કુહાડી ઝીંકી દીધી

### પરિણીતાનાં પતિ સહિત ૪ સામે પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાનાં પ્લોટ વિસ્તાર સુરજવડી (બાઢડા) ગામે રહેતા કાળુભાઈ માધાભાઈ ચુડાસમા નામનાં ૪૫ વર્ષિય પ્રૌઢનાં દીકર તે જ ગામે રહેતી એક પરિણીતાને ભાગડી ગયેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી સામાવાળા પ્રકાશભાઈ ધીરૂભાઈ પરમાર સહિત ૪ લોકોએ પૌઢ તથા રાજુભાઈને ગાળો, ઢીકાપાટુનો માર મારી પ્રૌઢને માથામાં કુહાડી મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### બાબરા નજીક આવેલ

## સુખપુર-વાંકીયા ચોકડી ઉપર બાઈકને રોકતા પ્રૌઢને ઢીકાપાટુનો માર માર્યો

અમરેલી, તા. ૨૩

બાબરા તાલુકાનાં સુખપુર ગામે રહેતા અને ખાનગી નોકરી કરતાં જીલ્લાભાઈ વાલેરાભાઈ બકુત્રા નામનાં ૪૫ વર્ષિય આધેડ પોતાની કંપનીમાં ફરજમાં હોય. ત્યારે નીલવડા ગામે રહેતા અમકુભાઈ ભાયાભાઈ ધાધલ તથા ભાભલુભાઈ રાવતભાઈ ધાધલ પોતાના હવાલાવાળા મોટર સાયકલ પર કંપનીમાં અપપ્રવેશ કરતા આધેડે તેમને રોકતા આ બન્ને ઈસમોએ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા ફરિયાદ નોંધાઈ છે.

---


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ૧૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ**

મેડીકલેઈમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


---

### જાગૃત નાગરિકે તટસ્થ તપાસની માંગ કરી

## અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં દર્દીઓને વ્યાપક પ્રમાણમાં પરેશાની

### દર્દીઓને રીફર કરવા કે બહારની દવાઓ લખવા જેવી સમસ્યા

અમરેલી, તા. ૨૩

અમરેલી શાંતા બા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મેનેજમેન્ટની ઘોર બેદરકારી અને દર્દીને પડતી મુશ્કેલી જેવી કે જે દર્દીઓને ફીમાં સારવાર નથી મળતી અને દર્દીઓને ડોકટરો તપાસ કરવા ન આવતા હોય અને દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અને દર્દીને મોટા ભાગની દવાઓ બહારથી વેંચાતી લાવવી પડે છે અને સોનોગ્રાફી પણ આ હોસ્પિટલમાં નથી કરવામાં આવતું અને તે ગરીબ દર્દીને બહારથી સોનોગ્રાફીનો ૧૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવો પડે છે અને મોટા ભાગનાં દર્દીને રાજકોટ અથવા ભાવનગર રીફર કરી દેવામાં આવી રહ્યાં છે અને ગરીબ દર્દીને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો આ બાબતે સરકારમાં મુખ્યમંત્રીને રૂબરૂ ફરિયાદ કરવામાં આવેલી અને વિગતવાર રજૂઆત કરેલ હતી અને સરકાર દ્વારા તપાસનાં હુકમો આપવામાં આવ્યાં છે તે તપાસ જો સરકાર દ્વારા ચોક્કસાઈથી કરવામાં આવે તો ગજેરા શાંતા બા હોસ્પિટલની ઘોર બેદરકારી સામે આવશે અને આ તપાસ અર્થે કોઈપણ પ્રકારનું ભીનું સંકેલાઈ નઈ તેથી કડક તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે. તેવી કેતન ચાવડાએ માંગ કરેલ છે.

---

### પટનામાં વિપક્ષ એકતાની તાકાત જોવા મળી

## સાથે મળીને અમે ભાજપને હરાવીશું : રાહુલ ગાંધી

### વિપક્ષોની બેઠક પહેલાં કોંગ્રેસનાં નેતાનો હુંકાર, કોંગ્રેસ તેલંગાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢમાં સરકાર બનાવશે

પટના, તા.૨૩

પટનામાં આજે વિપક્ષ એકતાની તાકાત જોવા મળી રહી છે. આજે પટનામાં વિપક્ષી નેતાઓની બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. તે પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, કર્ણાટકમાં અમે જે રીતે ભાજપને હરાવ્યું છે, તેમ અમે એક સાથે મળીને બીજેપીને હરાવવા જઈ રહ્યા છીએ. તેમણે દાવો કર્યો કે, કોંગ્રેસ પાર્ટી તેલંગાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં સરકાર બનાવશે.



રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશમાં બે વિચારધારાઓની લડાઈ ચાલી રહી છે, એક કોંગ્રેસની 'ભારત જોડો'ની વિચારધારા અને બીજી તરફ ભાજપની 'ભારત તોડો' ની વિચારધારા છે. ભાજપ ભારતને તોડવાનું કામ કરી રહી છે. તે નફરત અને હિંસા ફેલાવવાનું કામ કરી રહી છે અને કોંગ્રેસ પાર્ટી એક થવા અને પ્રેમ ફેલાવવાનું કામ કરી રહી છે. નફરતને નફરતથી હરાવી શકાતી નથી, નફરતને પ્રેમથી જ હરાવી શકાય છે.

અરવિંદ કેજરીવાલની બેઠકમાં બહાર થવાની વાતને લઈને કોંગ્રેસે પણ કડક વલણ દાખવ્યું છે. ખડગેએ સ્પષ્ટ કહ્યું કે અરવિંદ કેજરીવાલ જાણતા હશે કે વટહુકમનું સમર્થન કે વિરોધ બહાર નહી સંસદમાં હોય છે. જ્યારે સંસદ શરૂ થશે ત્યારે તમામ પક્ષો સાથે મળીને એજન્ડા નક્કી કરશે તેમ ખડગેએ વધુમાં કહ્યું હતું.

આજે બિહારના સીએમ નીતિશ કુમારના ઘરે આજે વિપક્ષી દળોની બેઠક યોજાવાની છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન, જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતી, સીપીઆઈમહાસચિવ ડી રાજા બેઠકમાં ભાગ લેવા પટના પહોંચ્યા છે. આ બેઠકમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હાજર રહેશે.

---


**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫

**પ્રવેશની ઉત્તમ તક...**

ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

F.Y.B.Com. SEMESTER - I | S.Y.B.Com. SEMESTER - III | T.Y.B.Com. SEMESTER - V | M.Com. SEMESTER - I

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org



અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત

**નૂતન કોમર્સ કોલેજ-અમરેલી**

DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...



DMLT | B.Com | M.Com

પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો

DMLT, B.Com, M.Com

જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯















# વાર્તા–વૈભવ

## જૂની સાઈકલ

– બલવીરસિંહ જાડેજા



બલવીરસિંહ જાડેજા

**બલવીરસિંહ જાડેજા, વતન જડોદર તાલુકો નખત્રાણા કચ્છ અભ્યાસ ડિપ્લોમા ઈન મિકેનિકેલ એન્જીનીયર સર ભાવસિંહજી પોલિટેકિનક ભાવનગર, ૩૦થી વધુ વરસો ટ્રેકટર લાઈનમાં, મિકેનિકથી લઈને એસ.આર. મેનેજર સુધી કામ કરી નિવૃત ૬૪ વર્ષ પછી ટૂંકી વાર્તાઓ લખવાનું ચાલુ કર્યુ. અખંડ આનંદ, જનકલ્યાણ, સર્જક સેતુ, તેમજ જ્ઞાતિ મેનેઝીનમાં વાર્તાઓ પ્રકાશિત થઈ છે. હાલ મમતા ઈ–મેનેઝીન જયોતિ કળશમાં, ઘણી વાર્તાઓ ને ઈનામ મળ્યા છે પહેલી નવલકથા બે લઘુ નવલ, સતયુગનો માણસ અને વતન વાપસી પ્રકાશિત કરી છે, બે લઘુ નવલ લખાઈ ને તૈયાર છે, વાંચન લેખન નિયમિત કરૂ છું...**

‘‘આપણે જયાં જઈએ છીએ, ત્યાં કોણ કોણ છે, પાપા ?’’

દીકરી મલ્લિકાએ, આગલી સીટ પરથી, મમ્મા ગાયત્રી સાથે, પાછલી સીટ પર બેઠેલા પપ્પા, મનહરપ્રસાદને પૂછયું. ‘‘ત્યાં મારા સ્વર્ગસ્થ મોટા ભાઈ રામપ્રસાદનાં પત્ની, મારાં મોટાં ભાભી જાનકી, એમનું સાચું નામ તો બીજું જ હતું, પણ ભાઈ સાથે પરણયા પછી મારા બાપુજીએ એમનું નામ બદલી નાખ્યું.’’

‘‘કેમ’’ એમનું નામ બદલાઈ જાય ! એ વિચાર મલ્લિકા માટે મોટું આશ્ચર્ય હતું. ‘‘કેમ એમનું નામ બદલ્યું એ તું એમને જ પૂછજેને ! એમના સિવાય, એમના દીકરા અને મારા ભત્રીજા, અરવિંદનો પરિવાર છે.’’

આઈ.ઈ.એસ. તરીકે નિવૃત્ત થયેલાં બન્ને, પતિ, ગુજરાતી મનહરપ્રસાદ ઠાકર અને તામિલનાડુના પત્ની ગાયત્રી આયંગર. વરસો પછી પહેલી વાર દિલ્હીમાં જ ભણીને પોસ્ટ ગ્રેજયુએટ થયેલી, એન્ટિક અને જુની વસ્તુઓની ચાહક, ફોટોગ્રાફીમાં નિષ્ણાંત, હંમેશા કેમેરા સાથે રાખતી, દીકરી મલ્લિકાને લઈને વતન જામનગર જિલ્લાના નાના ગામ જવા, વાન લઈને, મોટા ભાઈના, વિધાવા ભાભીને મળવા જામનગર જવા નીકળ્યા હતા. એ સમય હતો, જયારે મોબાઈલનું અસ્તિત્વ નહોતુ.

''હું અમેને શું કહીને બોલાવું પાપા ? મોટા મમ્મી !'' હા. પણ આપણી કાઠિવાડીમાં, એમને ભાભુમા કહીશ તો અમને વધારે સારું, આત્મીય લાગશે,'' ભાભુમા, શબ્દ પહેલી વાર સાંભળીને મા–દીકરી બન્ને હસી પડયાં.

''ત્યાં આપણે જઈને શું કરીશું પાપા ?''

''પહેલા તો આપણે જામનગર, અરવિંદના ઘરે જઈએ છીએ, ત્યાંથી વતનના ગામ, જયાં હું જનમ્યો, મોટો થયો એ ખીમાવડ ગામમાં મારી બચપણની યાદગીરી સાથે સાચવી રાખેલી, તને કદાચ ગમે તેવી વસ્તુઓ લાવવાની છે અને જર્જરિત થઈ ગયેલા ઘરનું શું કરવું, એ બધાએ નકકી કરવાનું છે.''

''વાઉ–ઉ–! એ શું વસ્તુઓ છે પાપા ?''

''તું ત્યાં જઈને જ જોજેને !''

પાપના બચપણની શું વસ્તુઓ હશે ? એવું વિચારતી અને નવા વિસ્તારના પ્રાકૃતિક સૌંદર્યને માણતી, મલ્લિકાને કયારે ઉંઘ આવી ગઈ તે ખબર જ ના રહી. જાગી ત્યારે, વાન જામનગર શહેરમાં પ્રવેશી હતી અને ડ્રાઈવર સરનામા મુજબ વાન ચલાવતો, એક કોલોનીમાં દાખલ થયો. એક બંગલા પાસે વાન .ભી રહેતા જ જાણે સૌ રાહ જોઈ રહયા હોય તેમ બહાર આવ્યા. ગુજરાતી સાડી પહેરેલી એક યુવતીએ હાથમાં કંકુ, ચોખાથી ચાંદલા કરી સૌનું સ્વાગત કરી, બન્ને વડીલોના ચરણસ્પર્શ કરી પગે લાગી. ''આ તારા ભાભી, અરવિંદના પત્ની, ધારા છે.'' મલ્લિકાએ નીચે નમી પ્રણામ કર્યા ને ધારાએ એના માથે હાથ મુકી આશીર્વાદ આપયા. મોટા ભાઈના અવસાન પછી પહેલી વાર ઘરે આવેલા સૌ ગંભીરતા ધારણ કરી, ઘરમાં આવીને, મોટા ભાભીને પગે લાગ્યા ત્યારે દિલ્હી અને પંજાબી વાતાવરણમાં મોટી થયેલી, મલ્લિકા બોલી પડી, ''પૈરી પૌના ભાભુમા.'' સાંભળીને સૌ હસી પડયા, ત્યાં જ વાતાવરણ હળવું થઈ ગયું.

ફ્રેશ થઈને સૌ જમવા બેઠાં. કાઠીયાવાડી, બ્રાહ્મણના ઘરનું દાળ, ભાત સાથે લચપચતા લાડુંનું જમણ, જોઈને મોંમાં પાણી આવી જાય, પરંતુ દિલ્હીમાં ઉછરેલી, સ્વિટ ડિશ તો છેલ્લે ખવાય એવું સમજતી, મલ્લિકાએ લાડુ બાજુમાં મૂકયો, ત્યાં જ અરવિંદની નાની દીકરી, આઠ–નવ વરસની, અવની, બોલી પડી, ‘‘મલ્લિકા ફઈબા, લાડુ ખાવને ! તમારા હારુ તો દાદીબાએ બનાવ્યા છે ! કેમ એક બાજુમુકી દીધો ?’’ અને સૌઉ હસી પડયાં. જમીને, વડીલો આરામ કરતા હતા, પણ બાળકોને ઉંઘ કયાંથી આવે ! અવની અને નિશાંત, મલ્લિકા ફોઈને છોડે ખરા ! દિલ્લી વિશે જાણવા અને જામનગર વિશે જણાવવા, મલ્લિકા ફોઈ સાથે વાતોમાં સમય પસાર થઈ રહ્યો હતો ત્યાં જ સાંજની ચાનો સમય થતાં, ધારા પૂછવા આવી, ‘‘તારે ચા પીવાની છે મલ્લિકા ?’’ ‘‘હા, ભાભી, પણ ભાભુમા, અને તમારી સાથે મારે ખૂબ વાતો કરવાની છે. હું આવું ?’’ ‘‘આવ ને, બા જાગે જ છે.’’

‘‘હેં ભાભુમા, મારા પાપા કહેતા હતા કે, તમારું નામ તો બીજું હતું પણ દાદાજીએ તમારાં લગ્ન પછી બદલીને, ‘‘જાનકી કરી દીધું, તે કેમ ભાભુમા?’’ વાત એમ છે કે, મારું નામ રાધા હતું, પણ તારા દાદા, અરવિંદના બાપુજી સાથે વેવિશાળ થયું, એટલે બાપુજી–મારા સસરાએ કહ્યું, ‘ રામપ્રસાદની પત્ની કદી રાધા હોઈ શકે ! એ તો જાનકી કે સીતા જ હોય ને !’ એટલ. પછી હું રાધામાંથી જાનકી બની ગઈ.’’

અત્યાર સુધી આ વાત ન જાણતાં અવની અને નિશાંત પણ મલ્લિકાની સાથે, આશ્ચર્યથી બાને જોઈ રહ્યાં. ‘‘બીજી એક વાતની તને ખબર છે કે નહીં, મને નથી ખબર તને તારાં મમ્મીને પંદ કરીને બાપુજીને જાણ કરી કે, ‘‘હું, મારી સાથેની મદ્રાસી બ્રાહ્મણ, ગાયત્રીની સાથે લગ્ન કરવા ઈચ્છા ધરાવું છું, ત્યારે બાપુજી તો દિલ્હી પગની તકલીફને લઈને જઈ શકે તેમ ન હોવાથી, ખરેખર તારાં મમ્મી મદ્રાસી બ્રાહ્મણ છે કે નહીં, એ જાણવા તારી મમ્મીને બદલે તારા નાનાજી, તારાં મમ્મીના બાપુજીને મળવાનલ આગ્રહ રાખેલો અને તારા નાનાજીને મળવા અહીં જામનગર મળવા બોલાવેલા. પછી ઘણીબધી પૂછપરછ કરી ખાતરી કરેલી કે તેઓ હકીકતમાં બ્રાહ્મણ છે પછી... તારા પપ્પાને લગ્ન માટે હા પાડેલી. છોકરીને બદલે એના બાપુજીની જ્ઞાતિની ખાતરી કરવાનો પ્રસંગ, પહેલી વાર બન્યો, એ પછી એમણે હા પાડી. હું, અરવિંદ અને તારા મોટા પપ્પા દિલ્હી, તારાં મમ્મી–પપ્પાનાં લગ્નમાં આવેલાં. બાપુજીએ તો મારી મમ્મીને લગ્ન પછી અહીં આવી ત્યારે જ જોઈ અને પછી મનુભાઈની પસંદગીને વખાણેલી.’’ સાંભળીને બધાં હસી પડયાં. **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**


# બાલ એક્સપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોક્સ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

**બાલમિત્રો,**

જોયુનેનિશાળોશરૂથઈ તા. ૫/૬/૨૦૨૩ને સોમવારે ને આજે ૧૮–૨૦દિવસોથયા.ખબર પણ ન પડી તમે વર્ગમાં ભણવામાં લાગી ગયાં ને ? નવી પ્રવૃતિઓમાં પણ જોતરાયા હશો. હમણા જુન મહિનો પુરો થશે. સમય પાણીના રેલાનીજેમચાલ્યોજાયછે.ખબરજ નથી પડતી. જયારે જાગીએ છીએ ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે. બાલમિત્રો, તમારો સમય તો ચપટી વગાડતા પસાર થઈ જાય છે. આવા સમયમાં પણ તમારે સમય સાથે ચાલવાનું હોય છે. એ શીખવું પણ પડશે. જો પાછળ રહી ગયા તો ગયા કામસે, પછી તમને જ કહેશે, તારે પહેલેથી ધ્યાન દેવુ જોઈતુ હતુ. બધા છુટીજશે. માટેઆપણેસૌએસમયને નજરમાંરાખીચાલવુંપડશે. તમેજોયુ ને તા. ૨૧/૬/૨૦૨૩ના રોજ વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવ્યો. તમે કયાંય જોડાયેલા કે નહી. આને જ તક કહેવાછે. તક, સમયઝડપીલઈએતો કામથાયનેનહિતરઆપણેજફેંકાઈ જઈએ છીએ. જાગો બાળમિત્રો જાગો, બાળપણ, કિશોરવયમાં જ તમારી પ્રગતિનો આધાર છે.



# કવિતાની અમરવેલી : અમરેલી



| કવિ હંસ | લાલજીભાઈ કાનપરિયા | અશરફ ડબાવાલા | અરવિંદ ભટ્ટ | પ્રણવ પંડયા |
|---|---|---|---|---|

''ફકત આવ્યા ટહેલવા અહીંયા રમેશ,
ને ચરણ ચોંટી ગયા ઈતિહાસમાં.''

રમેશ પારેખે ગુજરાતી ભાવવિશ્વને જુદી કાવ્યમુદ્રા આપી તો સાથો સાથ 'મુદ્રા' નામની કાવ્યસંસ્થા પણ આપી. 'મુદ્રા' નિમિતે મળતા મિત્રોમાંના ઘણાં મિત્રો કવિતા ક્ષેત્રે પણ અવનવું પ્રદાન કરવામાં સફળ થયા.

રમેશ પારેખ જેવા દિગગજ સાહિત્યકારની સાથે રહી પોતીકી મુદ્રા નીપજાવવી એ ખુબ જ કપરૂં કામ છે.

આ મુદ્રાની ખણખણતી કાવ્યમુદ્રાઓમાંનું એક નામ કવિશ્રી હર્ષદ ચંદારાણા, વ્યવસાયે બીઝનેસમેન, પણ વ્યસ્તતાનાં અજગરનાં ભરડાને બદલે કવિતાની વેલીને વીંટાળવામાં સફળ થયા. એમનાં જ શબ્દોમાં–
'ફોન, ફાઈલ ને હિસાબોમાં
સ્વપ્ન રાખું છું. ગુલછડી જેવું.'

'ફીણમોજા', નદીને મળ્યા પછી' એમનાં પોખાયેલા કાવ્યસંગ્રહો છે, તો' કલવરનું ઘર' નામનો પ્રકૃતિકાવ્યનો સંચય પણ એમની પાસેથી આપણને મળ્યો છે. 'હાથની હોડી' શીર્ષકનો સ્વતંત્ર ગઝલસંગ્રહ આપનારા આ કવિની અમરેલીપ્રીતિ પણ નોંધવા જેવી છે.

'અમરેલી નામ નગરી,
દિલો જીગરથી ચાહી,
મિત્રો સમાન બીજું બળ
ગણ નથી જ કોઈ.''

અમરેલીને સૌપ્રથમ 'લીલીછમ વેલી– અમરેલી' કહેનાર હર્ષદ ચંદારાણા હાલમાં 'ફુલછાબ' દૈનિકમાં 'મહેંકનો અભિષેક' કટાર લખે છે. અને એક ગદ્યકાર તરીકેની નવી ઓળખ પ્રસ્થાપિત કરી રહયા છે.

અમરેલી શહેરનાં વધુ એક ગૌરવરૂપ કવિ અને મુદ્રા સાથે સંલગન કાવ્યમુદ્રા એટલે કવિશ્રી અરવિંદ ભટ્ટ, ગઝલ, ગીત કે અછાંદસ સર્વ કાવ્યસ્વરૂપોને સિફતપુર્વક ખેડનારા આ કવિ પાસે પોતીકી અદાયગી તો છે જ, પણ દુર્લભ એવો કાવ્યવિવેક પણ છે. 'ઓછું લખવુ, પણ આછું ન લખવુ. એ એમનો સર્જનમંત્ર છે. પરિણામે દાયકાઓની મથામણ પછી એમણે એકમાત્ર પણ ટકોરાબંધ કાવ્યસંગ્રહ આપ્યો. 'એક પીછું મોરનું.' ગુજરાતી સાહિત્ય પરિષદનું શ્રેષ્ઠ કાવ્યસંગ્રહનું પ્રથમ પારિતોષિક મેળવનાર આ સંગ્રહની શીર્ષક પંકિત સૌને હોઠવગી અને હૈયાવગી છે :

એક પીછું મોરનું શોધતા
શોધતા, છે'ક પહોંચી જવાયુ છે
ગોકુળમાં.'

અરવિંદ ભટ્ટનાં કાવ્યપિચ્છ અમરેલી શહેરને કવિતાનું ગોકુળ બનાવે છે. અને એટલે જ આ શહેર આજકાલ અમરેલીવટો ભોગવી રહેલા આ કવિને એમનાં જ શબ્દો સંભળાવે છે.
**(અપુર્ણ )**

## ભાતીગળ સૌરાષ્ટ્ર

# હૃદયરોગ (હાર્ટ એટેક)

તમાકુ ફકત ફેફસાંની જ બીમારી લાવે છે એવું નથી પરંતુ હૃદયની બીમારી પણ લાવે છે. વળી એ જાણવામાં આવ્યું છે કે બીડી પીનારાને હૃદયની બીમારી વધુ પ્રમાણમાં લાગુ પડે છે. એટલા માટે તમાકુ વાપરનારાનું ઘણી વખત હાર્ટફેલ થઈ જાય છે. તેવી જ રીતે નસોની બીમારી માટે પણ બીડી જવાબદાર છે. બીડી ભૂખને ઓછી કરે છે, એટલે પાચનશકિત ઓછી થઈ જાય છે. પરિણામે શરીર માયકાંગલું–બહું જ નબળું બનતું જાય છે. વળી એ પણ જાણવામાં આવ્યું છે કે જે લોકો બીડી પીવાનું છોડી દે છે એ શરીરથી હૃદયપુષ્ટ પણ બને છે. હોજરી અને આંતરડાની ચાંદી મટવામાં




તમાકુ અવરોધ ઉત્પન્ન કરે છે તેથી ચાંદી ઉપર તાત્કાલિક રૂઝ આવતી નથી.

સામાન્ય રીતે હૃદયનાં ધબકારા અને તેના હલનચલનનો ખ્યાલ આવતો નથી. પણ કેટલાંક કારણો(જેમાનું એક કારણ તમાકુ પણ છે) ને લીધે હૃદયના ધબકારા વધતા માલૂમ પડે છે, જેનાથી માણસને ગભરામણ થાય છે.

હૃદય નિયમિત રીતે ફૂલે છે અને સંકોચાય છે. પણ કેટલાક રોગોમાં દરદીનું હૃદય વધારે સંકોચાઈ છે અથવા તો વધારે ઝડપે ચાલે છે. આ બંને રોગ તમાકુને લીધે પણ થઈ શકે છે, જેમાં કયારેક હાર્ટફેલ થઈ જવાનો ભય રહે છે. એવી જ રીતે લોહીની નસોની બીમારીઓ પણ તમાકુને લીધે જ થાય છે. જેવી કે રકતવાહિનીઓમાં લોહીનું પરિભ્રમણ અનિયમિત થવું, જેના લીધે થોડું કામ કર્યા બાદ હાથ, પગ અને માથામાં દુઃખાવો ઉપડે છે. તમાકુને લીધે ‘ રકતવાહિનીઓમાં સોજો ચડવાનો રોગ થાય છે, જેમાં નસોમાં લોહી જામી જાય છે અને ફરતું બંધ થઈ જાય છે. આ રોગનાં ઈલાજ માટે એ અંગ કપાવવું પડે છે.

# પંખીને પાંખો મળી

## ચશ્મામાંથી મુક્તિ

– પ્રકાશ ડી. કુબાવત

નંદનવનમાં એક સરસ મજાની હાઈસ્કૂલ હતી. આ શાળામાં નવમાં ધોરણમાં રેબી સસલો અને મોની વાંદરો દાખલ થયા. બધા તેને જોઈને હસવા લાગ્યા. હસવાનું કારણ એ હતું કે તે બંનેને અત્યારથી જ નંબરનાં ચશ્મા હતા. બંનેને ચશ્મા પહેરેલા જોઈને આખો વર્ગ ફરીથી હસવા લાગ્યો.

વર્ગ શિક્ષિકા હંસી હરણીએ બધાને શાંત પાડયા અને કહ્યું કે, ‘‘આ રીતે કોઈને ઉતારી પડાય નહીં.’’

હંસીએ સૌપ્રથમ રેબીને ઉભો કર્યો અને તેનો પરિચય આપવાનું કહ્યું.

નવો દાખલ થયેલ હોવાથી રેબી ધ્રૂજતા–ધ્રૂજતા ‘મારું નામ રેબી છે.’ એટલું માંડ બોલી શકયો.

મોનીને ઉભો કરતાં તે પણ ગભરાતા–ગભરાતા એટલું જ બોલ્યો. ‘‘મારું નામ મોની છે.’’

હંસીએ બીજા દિવસે બંનેને તેના મમ્મી–પપ્પાને બોલાવી લાવવાનું કહ્યું.

બીજા દિવસે હંસીએ રેબીના પપ્પાને રેબીની દિનચર્યા જણાવવાનું કહ્યું.

‘‘રેબી આખો દિવસ ટી.વી. અને મોબાઈલ જ જોયા કરે છે. ટી.વી.થી કંટાળે ત્યારે મોબાઈલ લે અને મોબાઈલથી કંટાળે ત્યારે ટી.વી. ગમે તેટલું સમજાવવા છતાં તે માનતો નથી. આઠમાં ધોરણમાં પણ તે માંડ–માંડ પાસ થયો છે. ખાવામાં પણ તે વધુ પડતું જંકફૂડ જ ખાય છે. અમારો પરંપરાગત ખોરાક ગાજર છે પણ તે ગાજર તો ખાતો જ નથી. ગાજરનું નામ પડતા જ તેને સુગ ચડતી હોય તેમ આઘો ભાગે છે.’’ રેબીના પપ્પા બોલ્યા.

હવે ટીચરે મોનીનાં પપ્પાને મોનીની દિનચર્યા વિશે જણાવવા કહ્યું બધું માને છે, કે આખો દિવસ વાંચતો જ હોય છે. લેશન પૂરું કરી કંટાળે ત્યારે સ્ટોરીબુક વાંચે છે. રાત્રે પણ અગિયાર વાગ્યા સુધી વાંચે છે. પણ તે વાંચવાનું છોડતો નથી. ડોકટર બનવાનું તેનું સ્વપ્ન છે.’’

હંસીએ બંનેની દિનચર્યા સાંભળી. રેબીના પપ્પાને સંબોધીને



કહ્યું, ‘‘રેબીને ચશ્મા છે તેનું કારણ અલગ છે. રેબી આખો દિવસ ટી.વી. મોબાઈલ જુએ છે. વળી ગાજરને બદલે જંકફૂડ ખાઈ છે. આથી તેને ચશ્મા છે. વળી તમારી આર્થિક સ્થિતિ પણ સારી નથી. રેબી પણ ભણવામાં ધ્યાન આપતો નથી. તમે મોંઘા ઓપરેશન કરીને તેના ચશ્માના નંબર દૂર કરાવી શકશો નહીં.’’

હવે મોનીનાં પપ્પાને સંબોધીને કહે, ‘‘મોની ભણવામાં બહું હોશિયાર છે, તેને ચશ્માના નંબર આવ્યાં છે તેનું કારણ વાજબી છે. આખો દિવસ વાંચવુ અને રાત્રે પણ ઝાંખા પ્રકાશમાં વાંચવું જવાબદાર છે. તે ખૂબ હોશિયાર છે અને ડોકટર બનવાની પણ ઈચ્છા છે. તેની ઈચ્છા પૂરી થશે જ. તે આર્થિક રીતે સમૃદ્ધ બનશે, આથી તે આધુનિક અને ખર્ચાળ પદ્ધતિથી ચશ્માના નંબર ઉતરાવી શકશે.’’

રેબીના પપ્પાએ ઘરે આવીને રેબીને કહ્યું કે, ‘‘તું ભણવામાં ધ્યાન રાખજે. તું સારું કમાઈશ તો મશીનથી ચશ્માના નંબર ઉતરાવી શકીશું. નહિતર આખી જિંદગી ચશ્મા પહેરવા પડશે. જંકફૂડને બદલે ગાજર ખાજે. મોની ભણવામાં ખૂબ હોશિયાર છે, તે ડોકટર બનશે જ. તેને ચશ્મામાંથી મુકિત મળી જ જશે.’’

‘‘હું પણ હવે ભણવામાં ધ્યાન રાખીશ. ટી.વી. મોબાઈલ ઓછો જોઈશ. મોટો થઈને ખૂબ પૈસા કમાઈશ. આથી હું પણ મશીનથી ચશ્માના નંબર ઉતરાવી નાખીશ અને મને પણ ચશ્મામાંથી મુકિત મળશે.’’ રેબી બોલ્યો.

ખુશ થઈ રેબીનાં પપ્પા બોલ્યા, ‘‘મારી શુભેચ્છા હંમેશા તારી સાથે જ છે.’’

# રાજદ્રોહનો પહેલો મુકદમો

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક



### પડકારનો જવાબ

મુકદમાની સુનાવણી શરૂ થતાં જ ‘ટાઈમ્સ ઓફ ઈન્ડિયા’ એ માફી માગી હતી. તિલકે ઈંગ્લેન્ડનાં અખબાર ‘ ગ્લોબ’ પર પણ દાવો કર્યો હતો. ‘ ગ્લોબ’ને પણ માફી માંગવી પડી.

એ દિવસોમાં લોર્ડ સેન્ડહર્સ્ટ મુંબઈનાં ગવર્નર હતા. એમના સમય દરમિયાન જ મુંબઈમાં દુકાળ અને ભીષણ પ્લેગથી જનતાને પારાવારમુસીબતો ભોગવવી પડી હતી. એ સમયે લખનઉમાં કોંગ્રેસનું અધિવેશન મળ્યું. અધિવેશનનાં અધ્યક્ષ રમેશચંદ્ર દત્ત હતા. તિલક ભારે હૈયે બેઠા હતા. તેઓ જનતાના કરાતા શોષણ અને દેશમાં વધતી ગરીબીને કારણે અંગ્રેજોથી પરેશાન હતા.

અધિવેશનમાં એમણે મુંબઈનાં ગવર્નર સેંડહર્સ્ટનાં શાસનનાં અત્યાચારોની ખુલ્લી નિંદા કરી નરમ દળના સભ્યોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો. અધ્યક્ષે ખુરશી છોડીને જતાં રહેવાની ધમકી આપી. વિરોધીઓ તિલકની આપત્તિ સાંભળવા પણ તૈયાર નહોતા કારણ કે નરમદળના લોકો અંગ્રેજોનો ખુલ્લે આમ વિરોધ કરવાની તરફેણમાં નહોતા.

થોડા દિવસો બાદ સતારા મુંબઈ પ્રાંતિય સંમેલનમાં તિલકે ફરીથી એ જ સવાલ ઉઠાવ્યો. આ વેળા એમનો પ્રસ્તાવ જરા નરમ હતો. પરંતુ સંમેલનમાં અધ્યક્ષ ગોકુલદાસ કાહનદાસ પારેખ સરકારની કોઈપણ પ્રકારની ટીકા સાંભળવા તૈયાર નહોતા.

તેઓ કાનૂની અપરાધો ઉભા કરવા લાગ્યાં. અંતે નરમ અને ગરમ દળો વચ્ચે સમજૂતિનો એક પ્રસ્તાવ રજૂ થયો.

ત્યાં સુધી કોંગ્રેસ સરકાર સમક્ષ કાનૂની સુધારાનાં આવેદનો જ રજૂ કર્યા કરતી હતી. તિલકે આ અંગે કોંગ્રેસ નેતાઓ બીકણ હોવાની ટીકા કરી. એમણે આગાહી કરી હતી, ‘‘કોંગ્રેસ અને આ સંમેલન ખુશામતખોરો અને એવા લોકો માટે નથી કે જેઓ દરેક ગવર્નરનું સ્મારક બનાવે છે. પરંતુ એવા લોકો માટે છે, જેઓ જનમતને નિર્ભિક પરંતુ સંયમ સાથે પ્રગટ કરવામાં સંકોચ ના કરે.’’ આમ તેઓ કોંગ્રેસને જનતાની સંસ્થા બનાવવા ઈચ્છતા હતા. તે સમયના નેતાઓનું વલણ તેમને જનતાથી દૂર લઈ જઈ રહ્યું હતું. તિલકની જેબ તેઓ આંદોલન કરવા તૈયાર નહોતા.


અંગ્રેજોમાં ગોરી જાતિનું ઘમંડ હતું અને કોંગ્રેસમાં એમના અત્યાચારોનો સામનો કરવાની હિંમત નહોતી. જનતામાં ચારે બાજુ ખીજવાટ હતો અને પરેશાની હતી. કારણ કે એના નેતાઓ જનતાનો અવાજ શાસકો સુધી પહોંચાડતાં ડરતા હતા. આવી સ્થિતિમાં તિલક પોતે રાજનીતિની લગામ સંભાળવા આગળ આવ્યાં.

### જનતાના ‘લોકમાન્ય’

તિલકનાં મનમાં તો આગળ સળગી રહી હતી. તેઓ રાજકીય સ્વતંત્રતા મેળવવા કમર કસી ચૂકયા હતા. દેશના યુવકો એમની પાછળ હતા. એ દિવસોમાં ભયંકર રાજકીય બેચેની ફેલાયેલી હતી. સરકારનું દમનચક્ર ચાલતું હતું. ભારત સચિવ લોર્ડ હેમિલ્ટનનાં શબ્દોમાં ‘ ભારતમાં અંગ્રેજો દારૂગોળા પર બેઠા હતા.’’ સરકારની તિલક પર કડક નજર હતી. પોલિસ સતત એમ પાછળ ફરતી હતી.

યુવકોમાં તિલક કેવી રીતે લોકપ્રિય થતા ગયા એનું પ્રમાણ ૧૯૦૦નાં દિલ્હી અધિવેશનમાં મળ્યું. જયારે એમને જાહેર સભામાં વિદ્યાર્થીઓ તરફથી એક સન્માનપત્ર અપાયું. કોંગ્રેસનું એ પછીનું અધિવેશન કલકત્તામાં યોજાયું. શાસકવર્ગનાં કારખાનામાઓ ઉપર તિલક મોડે સુધી વાતો કરતા રહ્યાં. એક પ્રસ્તાવના સમર્થનમાં બોલવા તેઓ જયારે ઉભા થયા ત્યારે જનતા એમનો જય જયકાર કરતી ઉભી થઈ ગઈ.

કલકત્તાથી પાછા ફરીને તેઓ નાગપુર ગયા. દરેક સ્ટેશન પર એમના સ્વાગતમાં અપાર ભીડ એકઠી થતી હતી. નાગપુર સ્ટેશને તિલક જયારે ગાડીમાંથી નીચે ઉતર્યા, ત્યારે એમના પર ગુલાલ અને ફૂલોની વર્ષા થવા લાગી. વિદ્યાર્થીઓએ ઘણે દૂર સુધી એમની ગાડી ખેંચી. એમણે ગાડીમાંથી ઘોડા છોડી નાખ્યા હતા. આ સવારી આગળ વધી. બેંડ વાગી રહ્યા હતા. મકાનોની અગાશીઓ પરથી લોકો તિલક પર ફૂલો વરસાવી રહ્યાં હતા. વિદ્યાર્થીઓની સાર્વજનિક સભામાં એમને સન્માનપત્ર આપવામાં આવ્યું. આ ખીઓખીંચ ભરેલા હોલમાં તેમણે ‘ગીતા’ પર પ્રવચન આપ્યું. છોકરાઓએ માગણી કરી, ‘‘ આપ અમને રસ્તો દેખાડો.’’ અને આ રીતે તિલક ‘‘ લોકમાન્ય’’ બની ગયા. જનતા તરફથી મળેલો ‘લોકમાન્ય’નો ખિતાબ એમની સેવાઓનો સૌથી મોટો પુરસ્કાર હતો.



# વિચારશકિત તેના નિયમો ને પ્રેરક બળો

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

કોઈપણ તકને ગુમાવો નહિ. દરેક પ્રસંગનો લાભ લો. કેમકે તમારા વિકાસને ઉન્નતિ માટે જ આ તક તમને આપવામાં આવેલ છે. જો તમે રસ્તા પર કોઈ બીમાર માણસને નિરાધાર સ્થિતિમાં પડેલો જુઓ તો તેને ખભા પર કે ગાડીમાં ઉપાડી તદ્દન નજીકનાં દવાખાનામાં લઈ જાઓ ને તેની સેવા કરો. તેને ગરમ દૂધ, ચા કે કોફી આપો ને દિવ્ય ભાવથી તેના પગ દાબો.

તેની અંદર રહેલા સર્વવ્યાપક, સર્વજ્ઞ, અણુઅણુમાં ઓતપ્રોત ભગવાનનો અનુભવ કરો. તેની આંખના નૂરમાં, તેની વાણીમાં, તેના શ્વાસમાં, તેના ધબકારામાં, તેની નાડમાં વ્યાપક દિવ્યતાને જુઓ.

દયા ને પ્રેમનો વિકાસ કરવાને, તમારા હૃદયને શુદ્ધ કરવાને, ધૃણા, વેરઝેરને ઈર્ષા દૂર કરવાને માટે જ ઈશ્વરે તમને આ તક આપી છે. કદાચ તમે બહુ બીકણ હોય તો કોઈવાર ઈશ્વર તમને એવા સંજોગોમાં મૂકશે કે જેથી કરીને તમારા જીવના જોખમે પણ તમારે હિંમતને સમયસૂચકતા બતાવવાની જરૂર પડે. જે જે વ્યકિતઓએ દુનિયામાં નામના મેળવી છે તેઓએ પોતાને મળતી બધી તકોનો લાભ ઉઠાવ્યો હોય છે. ઈશ્વર આમ તકો આપીને જ મનુષ્યને ઘડે છે.

હંમેશા ધ્યાનમાં રાખો કે તમારી નિર્બળતામાં જ તમારું બળ રહેલું છે. કારણ કે ત્યારે તમારી રક્ષા કરવાને તમે સતત પ્રયત્નશીલ રહેશો. ગરીબાઈમાં પોતાના સદ્‌ગુણ રહેલા છે, કેમકે તેથી નમ્રતા, બળ, સહનશકિત વગેરે ગુણો કેળવાય છે. ત્યારે મોજશોખથી આળસ, અભિમાન, નિર્બળતા, નિષ્ક્રીયતા ને અનેક પ્રકારનાં દુર્ગુણો ફાલે છે.

માટે વિષમ સંજોગો પ્રત્યે બબડો નહિ, તમારું જ પોતાનું માનસિક તેમજ દુન્યવી વાતાવરણ સર્જે. જે માણસ પ્રતિકૂળ સંજોગો સામે થઈને પણ વિકાસ પામે છે, તે ખરેખર મહાન બને છે. તે કોઈનાથી ધ્રુજતો નથી. તેનો બાંધો મજબૂત ને જ્ઞાનતંતુઓ પોલાદી હોય છે.

મનુષ્યએ ખરેખર સંજોગોનો ગુલામ નથી. તે પોતાની શકિત, ચારિત્ર, વિચાર, સત્કર્મો ને યોગ્ય પુરુષાર્થથી ભાગ્ય પણ પલટી જાય. આથી જ વસિષ્ઠ અને ભીષ્મે ભાગ્ય કરતાં પુરુષાર્થને ચડિયાતો ગણ્યો છે માટે જ પુરુષાર્થ કરો, પ્રકૃતિ પર વિજય મેળવો ને અજરામર સચ્ચિદાનંદ આત્મામાં રક્ષણ કરો.

૭. વિચારો દ્વારા થતું શરીરનું ઘડતર

શરીરને તેના વિવિધ અવયવો એ માત્ર વિચારોનું જ રૂપાંતર છે. શરીરનું સતત ધ્યાન ધરતું મન પોતે શરીરરૂપ બને છે, તેમાં બંધાઈ જાય છે ને દુઃખી થાય છે.

આ શરીર એ મનના પોતાના આનંદને માટે ઉન્નત કરેલ વિહારસ્થાન છે, જેમાંની પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા મન પોતાની વિવિધ શકિતઓને બહાર પ્રેરે છે, તેમજ બહારની દુનિયાનું જ્ઞાન ને આનંદ માણે છે. શરીર એ ખરેખર, આપણા વિચારો, મનોવૃતિઓ, માન્યતાઓ અને ઉર્મિઓએ મૂર્ત સ્વરૂપ ધારણ કરીને, આપણી સમક્ષ સાકારરૂપે દેખાતી વસ્તુ છે.

બધા શરીરોનું મૂળ મન જ છે. પાણી વિના બગીચો કેવો ? મન જ બધાં કાર્યો કરે છે અને તે જ સર્વશ્રેષ્ઠ શરીર છે. જો આ સ્થૂળ શરીર નાશ પામે તો મન પોતાની ઈચ્છાનુસાર નવું શરીર ધારણ કરવાનું જ. જો મન જડ થઈ જાય તો શરીર દ્વારા કોઈપણ કાર્ય થઈ શકે જ નહિ.

મનુષ્યોનાં મોટા ભાગમાં મન મહદ્ અંશે શરીરનાં કાબૂમાં હોય છે. તેઓના મન જરા પણ વિકાસ પામ્યા હોતાં નથી, આથી મોટો ભાગે અન્નમય કોષમાં જ રહે છે. માટે વિજ્ઞાનમય કોષનો વિકાસ કરો અને વિજ્ઞાનમય કોષ(બુદ્ધિ) દ્વારા મનોમય કોષ(મન) પર અધિકાર મેળવો.

'હું શરીર છું' આ ભ્રમભરેલો વિચાર જ સર્વ અનર્થનું મૂળ છે. આત્માને શરીર માનવો એ અસત વિચારનું પરિણામ છે. આથી દેહાધ્યાસ દ્રઢ થતાં શરીર પર આસકિત ને મોહ ઉત્પન્ન થાય છે. આનું નામ અહં. અહંમાંથી મમતા જન્મે છે. આમ, મોહ ને આસકિતથી જ જીવ બંધનમાં પડી દુઃખને પીડા ભોગવે છે.

# રમતા'તા



ફેરફૂદરડી ફરતા'તા ચારેકોર જોતા'તા
નયનાબેન રમેતા'તા ધીરે ધીરે પડતા'તા
ઉંચા ઉંચા ઝાડે છાનામાના ચડતા'તા
રમતા રમતા અમે, નીચે હેઠા પડતા'તા
શોરબકોર અને દેકારો, ધીરે ધીરે કરતા'તા
ભાઈ–બહેન સામે, ધીમે ધીમે લડતા'તા
ધોમધખતા તડકામાં, અમે આમ તેમ રમતા'તા
વરસાદ આવે ત્યારે, ગાંડા બનીને નાતા'તા
પપ્પાને જોઈ છાના માના થાતા'તા

– નારણભાઈ સી. જાદવ


# આકરો ઉનાળો



સૂરજદાદા સૂરજદાદા આમ તપો ના ઝાઝું,
ફળિયા, શેરી, ગામ–ગલીને કોણે વાખ્યું તાળુ.
સૂકા જંગલ, સૂના ઝાડ ઉંચા ઉંચા તપ્યા તાડ,
સૂકી વાડી, સૂના રસતા ને સૂના પડયા છે પ્હાડ.
આકળવિકળ પશુ–પંખી શોધે છે ભાઈ વિસામો,
પરસેવે રેબઝેબ થઇ ગ્યા તડકો મળ્યો સામો.
નદી, નાળા, તળાવ, સરોવર ને ઠીબે ઠર્યા પાણી,
સૂરજદાદા તડકો વહેંચી કરી રહયા છે ઉજાણી.
સૂરજદાદા સૂરજદાદા આમ તપો ના ઝાઝું,
ફળિયા, શેરી, ગામ–ગલીને કોણે વાખ્યું તાળું.

– બિરેન પટેલ

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૩૧. એક ક્ષણ પણ ઈશ્વર ચિંતન વગર બેસશો નહી
૩૨. લૌકિક સંબંધનું સ્મરણ છે, ત્યાં સુધી ઈશ્વરમાં આસકિત થતી નથી.
૩૩. વાસના જ પૂર્નજન્મનું કારણ બને છે.
૩૪. જે ખૂબ ગમતું હોય, તે પ્રભુને આપીએ, તો આપણે પ્રભુને ગમીએ.
૩૫. વાસના વધી, ભોગો વધ્યા, તેથી સંસાર ખારો ઝેર બન્યો છે.
૩૬. જીવનમાં સંયમ, સદાચાર જયાં સુધી ન આવે ત્યાં સુધી પુસ્તકમાનું જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં.
૩૭. તમે મીતભાષી થશો તો સત્યભાષી થશો.
૩૮. મનને ખૂબ પવિત્ર રાખો, કારણ કે મન તો મર્યા પછી પણ સાથે આવવાનું છે.
૩૯. મારી એક એક ઈન્દ્રિય મારે ભગવાનને અર્પણ કરવી છે એવી ભાવના એકાદશીને દિવસે કરો.
૪૦. ભાગવતની કથા જ્ઞાન ભકિત અને વૈરાગ્યને વધારનારી છે.

# જ્ઞાનમંજરી

**આપણું ગુજરાત**



(૩૧) ગુજરાતમાં કુલ રાજયસભાની બેઠકો કેટલી છે ?
– ૧૧
(૩૨) ગુજરાતમાં કુલ કેટલા ગામડાઓ છે ?
– ૧૮,૧૯૨
(૩૩) ગુજરાતમાં કુલ કેટલી યુનિવર્સિટીઓ છે ?
– ૧૧
(૩૪) ગુજરાતમાં કુલ કેટલી ગ્રામ વિદ્યાપીઠો છે ?
– ૨૨
(૩૫) ગુજરાતમાં કુલ કેટલી ઓપન યુનિવર્સિટીઓ છે ?
– ૦૨
(૩૬) ગુજરાતમાં કુલ કેટલી પોસ્ટ ઓફિસો છે ?
– ૬.૨૭૬
(૩૭) ગુજરાતમાં કુલ કેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો છે ?
– ૪
(૩૮) ગુજરાતમાં કુલ કેટલા અભ્યારણ્યો છે ?
– ૨૨
(૩૯) ગુજરાતમાં મુખ્ય ધર્મો કેટલા છે ?
– ત્રણ (હિન્દુ, ઈસ્લામ, જૈન)
(૪૦) ગુજરાતમાં માથાદીઠ આવક કેટલી છે ?
– રૂા. ૧૨,૯૭૫(૨૦૦૦–૨૦૦૧)

# હસવાની મનાઇ છે : જોક્સ

શિક્ષિકા : મગન, તમે પાણી કયાં પીઓ છો ?
મગન : ઘરમાં, અને તમે બહેન ?
શિક્ષિકા : પરબમાં

ન્યાયધીશ : આ બદાલતે તને જન્મટીપની સજા કરી છે
કેદી : આ તો ઘોર અન્યાય છે.
ન્યાયધીશ : ચૂપ રહે, અદાલતનું અપમાન કરવાના ગુના બદલ તને બે વર્ષની સજા કરું છું.

ડોકટર : કાકા ! તમારા કાબા ઘૂંટણમાં જે દરદ થાય છે તે ઉમરને કારણે હોઈ શકે.
કાકા : તમેય શું ધૂળ જેવી વાત કરો છો સાહેબ !
મારા જમણા ઘૂંટણની પણ એટલી જ ઉમર છે.

~~રમા : દેસાઈ, તાજું છે ને ?~~
દેસાઇ : વિશ્વ બહેન, સાચું જ કહું છું.
બે કલાક પહેલા તો એ ઘાસ હતુ.

# માટીના રમકડાં કયાં ગયા ?

એક સમય હતો કે ચોમાસુ આવે અને માટી ભીની થાય કે બાળકો વરસાદનાં મીઠા જળ સાથે માટીમાં રમવા નીકળે. દેશી રમતોમાં ખીલા–ખુતામણી નામની પણ એક રમત હતી. હવે તો એ રહી નથી. બાળકો શાળાએ જતા પહેલા પોતાના હાથે માટીના રમકડાં બનાવતા અને એ માટી સાથે રમતાં રમતાં એમના આંગળાઓ વિવિધ વળાંકોમાં કેળવાતા. બાળકોનાં શરીરમાં એ માટીમાં રમતા રમતા જ ખનિજ ક્ષારોની પૂર્તિ થતી. વળી જાતે બનાવેલા રમકડાંઓનો રોમાંચ જ જુદો હતો. જે આંગળીના ટેરવાઓ માટીમાં કામ કરતા શીખ્યા ન હોય અને રમકડાં બનાવતી વખતનાં આંગળીમાં વિવિધ વળાંકો આવ્યા ન હોય તેના અક્ષરો આગળ જતાં લાખ પ્રયત્ને પણ સાર થતા નથી. જેની આંગળીઓ માટી સાથે રમતાં રમતાં બાળપણમાં કેળવાયેલી હોય છે એ હાથ આગળ જતા બહુ જ ઝડથી સિતાર પર, બંસરી પર, તબલા પર, કેનવાસ પર પોતાની કલાની કરામત અભિવ્યકત કરતા થઈ જાય છે. આપણે બાળકો પાસેથી માટી આંચકી લીધી છે અને એના વિકલ્પમાં કશું આપ્યું નથી. પાંચ વર્ષની વયનું થતા સુધીમાં તો બાળકના હાથમાં થોડીક જડતા આવી જાય છે. જે પછીથી બહુ મુશ્કેલીથી સારા વળાંકો શીખે છે.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## સો વર્ષ જીવવું છે ?

અમેરિકા, કેનેડા, જાપાન, જર્મની, નોર્વે, સ્વીડનનાં ૮૯૦૦ લોકોનાં જીવનનાં સઘન–સુદીર્ઘ અભ્યાસ બાદ લંડન યુનિવર્સિટીનાં પ્રોફેસરોની ટીમનાં વડા પ્રો. હોવાર્ડ ક્રિમેને કાઢેલા તારણનો સારાંશ અહેવાલ :

''સુઘડ, સુવ્યવસ્થિત, સમજણભર્યા, સ્થિર, તનાવમુકત, સ્વસંયમી, સતત ઉદ્યમી, સુસંકલિત પ્રવૃત્તિવાળા, ભલમનસાઈ ભરેલા, નિખાલસ, સત્યવકતા, ભરોસાપાત્ર, કાર્યદક્ષ, ફરજનિષ્ઠ, આચાર અને વિચારમાં પારદર્શી, દંભવિહોણા, સાદુ–સારું–સાચું જીવન જીવતા લોકોનું આરોગ્ય હંમેશા જળવાઈ રહે છે અને તેઓ જ દીર્ઘાયુ બને છે.'' –

આનંદદાયી લાંબુ આયુષ્ય પામવાનો કીમિયો હવે હાથવગો... માત્ર

# રાણી લક્ષ્મીબાઈ



– શશિ શર્મા

**ભાગ– ૨૪**

હવે હ્યુરોજ ઝાંસી તરફ આગળ વધ્યો. એણે ઝાંસીનાં માર્ગોની દેખભાળ અને નાકાબંધી કરવા માટે એક તોપખાનું અને કેટલાક ઘોડેસવાર મોકલ્યા. ૨૧ માર્ચ ૧૮૫૮ દિવસે એ પોતાની સેના સાથે ઝાંસીથી લગભગ ત્રણ માઈલ દૂર આવી ગયો. જયારે રાણીએ સાંભળ્યું કે અંગ્રેજી સેના એમને વિદ્રોહી સમજી એમની સામે લડવા અને એમને કેદ કરવા આવી રહી છે, ત્યારે એમને ખૂબ ગુસ્સો આવ્યો.

ઝાંસીનો કિલ્લો શહેરનાં પશ્ચિમ ભાગમાં એક નાની પહાડી પર છે. કિલ્લાની ચારે બાજુ પથ્થર અને ચૂનાની ખૂબ મજબૂત દિવાલો છે. આ દિવાલોની પહોળાઈ સોળથી વીસ ફૂટ સુધીની છે. યુદ્ધ દરમિયાન મોટી મોટી તોપો આ દિવાલો પર એક સ્થાનેથી બીજે સ્થાને સહેલાઈથી લઈ જવાતી હતી . આ દીવાલોમાં તોપો રાખવા મોટા મોટા બુરજ બનાવેલા હતા. 'ગરગજ' નામનો જે સૌથી મોટો બુરજ હતો એ ચાળીસ હાથ લાંબો, ચાળીસ હાથ પહોળો અને સો હાથ ઉંચો હતો. એના ચારે ખૂણા પર ચાર તોપો ગોઠવવામાં આવી હતી.

મધ્યભાગમાં બ્રિટીશ સરકાર તરફથી ઝાંસીનાં સૂબેદાર રામચંદ્ર રાવને મળેલો 'યુનિયન જેક'નો ઝંડો લહેરાતો રહેતો હતો. કિલ્લામાં જુદી જુદી જગ્યાએ મળી એકાવત તોપો ગોઠવેલી હતી. એમાં ભવાની શંકર, કડક વીજળી, ઘનગર્જન, નાલદાર વગેર તોપો બહુ ભયંકર હતી.

કિલ્લામાં રાણીનો એક બહુ મોટો મહેલ હતો અને કેટલાક સરદારોનાં રહેવા માટે સારી ઈમારતો બનાવાઈ હતી. કિલ્લાની ચારે બાજુ એક ઉડી ખાઈ હતી, જેને પાર કર્યા વિના કિલ્લની અંદર કોઈ આવી શકતું નહોતું. આ વિશાળ કિલ્લા પર હુમલો કર્યા પહેલાં સર હ્યુરોજ એનું સારી રીતે નિરીક્ષણ કરવા ઈચ્છતા હતા. આથી સેનાએ તંબુ તાણ્યા અને દૂરબીનથી રાણીનાં કિલ્લા પર નજર રાખવામાં આવી રહી હતી. અહીં જ એક તારઘર બનાવવામાં આવ્યું, જેથી ચારે બાજુનાં મોરચે ખૂબ ઝડપથી સમાચાર પહોંચાડી શકાય ઘોડેસવાર કિલ્લાની ચારેબાજુ ભ્રમણ કરતા રહેતા હતા, જેથી કિલ્લાની અંદરથી ન કોઈ બહાર જઈ શકતું, અને ન કોઈ બહારથી અંદર આવી શકતું.

# વાર્તા : ઉડતો માળો



એક ઝાડ. ઝાડ પર પંખીનો માળો. એનો માળો એટલે એનું સરસ મજાનું ઘર. આખી રાત પંખી પોતાના ઘરમાં રહે. સવાર પડતા જ ઉડી જાય. પછી માળો સાવ સૂનો થઈ જાય. એન પંખી વિના જરા પણ ન ગમે, પણ શું કરે? પંખી તો છેક સાંજે ઘેર આવે. માળો પંખી પર ચિડાય. પણ પંખી તો કંઈ ન સાંભળે. બહુ થાકી ગયેલું હોય. તેથી ઘસઘસાટ ઉંઘી જાય. માળો મૂંઝાયા કરે.

એક દિવસ વહેલી સવારે પંખીએ પાંખ ફફડાવી. માળો કહે, "જલ્દી પાછું આવીજજે!" પંખી તો માળાની વાત સાંભળ્યા વિના ઉડી ગયું. માળો ઉદાસ થઈ ગયો. એને ગમતું ન હતુ.

થોડીવાર પછી માળો રડવા લાગ્યો. ધ્રુસકેને ધ્રૂસકે રડે. બોર બોર જેવડા આંસુ પડે. એ જ વખતે એક જાદુગર એ ઝાડ નીચે ઉભો હતો. માળાના આંસુ જાદુગર ઉપર પડયા. જાદુગરે રડવાનું કારણ પૂછયું. માળાએ પોતાના દુઃખની વાત કરી. જાદુગરે માળા તરફ ફૂંક મારીને કહયું, "જા આવતીકાલે સવારથી તને ય પાંખ ફૂટશે! તારા પંખી સાથે જ તું ઉડી નીકળજે!" માળો તો રાજીના રેડ થઈ ગયો! વાહ! ઉડવાની મજા પડશે!


રાત્રે પંખી આવ્યું. આવતાવેંત ઘસઘસાટ ઉંઘી ગયુ. માળો તો બહુ ખુશખુશાલ હતો. સવાર પડી, પંખીએ ઉડી જવા માટે પાંખ ફફડાવી. એ તો ઉડયું, તો એની સાથોસાથ એનો માળો પણ ઉડયો. બંને જાય ઉડતા. પંખી અને માળો, માળો અને પંખી. ઉંચે ઉંચે આકાશમાં બંને ઉડતા રહયા. માળાને તો મોજ પડી ગઈ! પંખી પણ આનંદના ટહુકા કરે.



બીજા પંખીઓ નવાઈથી આ પંખીને અને માળાને જોઈ રહયા. પંખીને કહયું, "આ શું છે?" પંખી કહે, "આ તો મારો ઉડતો માળો છે." વળી બીજા પંજીઓએ પૂછયું, "પણ આવો ઉડતો માળો તે કઈ રીતે બનાવ્યો ? એને ઉડતા કે આવડયું?"

પંખી બોલ્યું, "એ તમે એને જ પૂછો." માળો મનોમન હરખાયો, "જોજો, કો'ક દિવસ તમારી જેમ હું ટહુકાઓ પણ કહીશ !" માળાએ કહયુ અને સૌ ખુશખુશાલ થઈ ગયા. "આપણો પણ આવો ઉડતો માળો હોય તો!"


# આ મારું ચિત્ર છે




ડોડિયા મોહિત રમેશભાઈ
(ધો.૯, દીપક હાઈસ્કૂલ, અમરેલી.)



બામણિયા દિવ્યેશ એસ.
(ધો.૮–અ, પિ.એન. વોરા વિદ્યાનિકેતન પ્રા.શાળા)



બગડા શુભમ બી.
(ધો.૮–અ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)



શિરોયા રિધ્ધી ઘનશ્યામભાઈ
(ધો.૯, દીપક હાઈસ્કૂલ, અમરેલી)

# અમરેલી : ભાજપ દ્વારા વિધાનસભાની વિસ્તારકોની કાર્યશાળા યોજાઈ



ભારતીય જનતાપાર્ટી અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના નવ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભારતીય જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય નેતૃત્વ અને ગુજરાત પ્રદેશ નેતૃત્વની સૂચનાથી અમરેલી જિલ્લા ભાજપ દ્વારા વિશેષ જનસંપર્ક અભિયાન અંતર્ગત તા. ૨૫ થી ૩૦ જૂન સુધી ઘરઘર સંપર્ક અભિયાન ચલાવવામાં આવનાર છે. જેમાં દરેક બુથ સુધી અલ્પકાલીન વિસ્તારકો બુથ સ્તરે જઈ અને પત્રિકાઓ આપશે તેમજ સ્ટીકર લગાડશે તથા બુથ સ્તરે બેઠકો કરશે અને લાભાર્થીઓને મળશે. આ કામની કાર્યશાળા આજરોજ દાદા ભગવાન મંદિર–અમરેલી મુકામે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનાં બલીદાન દિવસ નિમિત્તે પુષ્પાંજલિ દ્વારા આ કાર્યક્રમની શરૂઆત થયેલ અને ત્યારબાદ અમરેલી વિધાનસભાની વર્ચ્યુઅલ કાર્યશાળા યોજાઈ. જેમાં જિલ્લાનાં હોદ્દેદારો બુથ ઉપર જે અલ્પકાલીન વિસ્તારક જવાના છે તે તથા બુથના પ્રમુખો, પ્રદેશનાં હોદ્દેદારો, મંડળનાં હોદ્દેદારો, મોરચાના હોદ્દેદારો વગેરે હાજર રહી અને માર્ગદર્શન મેળવેલ. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા ૧૮૨ વિધાનસભા વિસ્તારમાં એક સાથે લાઈવ ટુ વે વર્ચ્યુઅલ માર્ગદર્શન સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા તથા વિનોદભાઈ ચાવડા દ્વારા અપાયેલ હતું. આ કાર્યક્રમમાં ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા, વિધાનસભાનાં વિસ્તારક દિગ્વિજયસિંહ ગોહિલ, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પ્રદેશ મહિલા મોરચાનાં મંત્રી ભાવનાબેન ગોંડલીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ જલ્પેશભાઈ મોવલિયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી તાલુકા ભાજપનાં પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસિયા, મહામંત્રી કાળુભાઈ વાળા, અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, ભરતભાઈ મકવાણા, કુંકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, મહામંત્રી શૈલેષભાઈ ઠુમ્મર, રમેશભાઈ સાકરીયા વગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા.

## રાજુલા : નોબલ વર્લ્ડ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ જવાહર નવોદયમાં સફળતા પ્રાપ્ત કરી

રાજુલા, તા. ૨૩

રાજુલા તાલુકાના ખાંભલીયા ગામે આવેલી નોબલ વર્લ્ડ સ્કૂલ એટલે કેવી સ્કૂલ જયાં બધી પ્રવૃત્તિઓ થાય તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટેના કાર્યો થતા રહે છે. ગત ધોરણ ૧૦નું શ્રેષ્ઠ પરિણામ આપી અને સમગ્ર તાલુકામાં ખુબ સરસ શિક્ષણની એક પ્રતિભા ઉભી કરવામાં શાળાની ઉમદા ભૂમિકા રહી છે. તાજેતરમાં આવેલ જવાહર નવોદયના પરિણામોમાં રાજુલા તાલુકામાં નોબલ વર્લ્ડ સ્કૂલની દીકરીઓ રાઠોડ શ્રદ્ધા



મહેશભાઈ તેમજ પટેલ પ્રાંસી પ્રમોદભાઈ બંને શ્રેષ્ઠ પરિણામ આપી શાળાનું નામ અને ગૌરવ વધાર્યુ છે.



બાળકની કલા બાળકનું શિક્ષણ અને બાળકની તમામ પ્રતિભા ખીલવવા વર્લ્ડ સ્કૂલ હંમેશા પ્રયત્નશીલ રહી છે.

### બગસરાનાં રામચંદ્ર ભીખુભાઈ નિમાવત નામના

## સા.કુંડલા એસ.ટી. બસનાં ડ્રાઈવરે અગમ્ય કારણોસર ફિનાઈલ પીધુ

### ૧૦૮ની મદદથી કે.કે. હોસ્પિટલ ખસેડાયા

અમરેલી, તા. ૨૩

સા.કુંડલા એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતાં બગસરાનાં રામચંદ્ર ભીખુભાઈ નિમાવતે કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેતા તેમને ૧૦૮ની મદદથી કે.કે. હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે.



પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં બાયપાસ માર્ગની**

કામગીરીઓ પર ધારાસભ્ય જાતે તપાસ કરતા તે વખતે પણ કોન્ટ્રાકટરોને નબળી કામગીરી ના થાય તેની ખાસ તકેદારી ખુદ ધારાસભ્ય રાખતા આવ્યા છે. બાદ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના વરદહસ્તે બાયપાસ રોડનું લોકાર્પણ કરીને જનતાના પ્રતિનિધિ તરીકે પોતાની આગવી ઓળખ ધારાસભ્યએ ઉભી કરી હતી. જયારે બાયપાસ રોડની કામગીરીમાં ટૂંકા સમયમાં રોડ તૂટવાનો કે બેસી જવાના અખબારી અહેવાલ બાદ બાયપાસ રોડની સમીક્ષા કરવા પહોંચેલા ધારાસભ્યએ જનતાના ટેકસના પૈસાનો ફાયદો જનતાને મળવો જોઈએ તેમ જણાવ્યું હતું. જયારે અગાઉ ૫ વર્ષ પહેલાં બનેલા બાયપાસ રોડમાં થોડા ખાડાઓ અંગે કોન્ટ્રાકટરને તાકીદે સૂચના આપીને માર્ગ મેઈન્ટેન્સ કરવા કડક સૂચના ધારાસભ્યએ આપેલ હતી.

પાના ૧ ઉપરનું ચાલું **સાથે મળીને લડવા વિપક્ષો સહમત**

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે આપણે બધાની અલગ અલગ વિચારધારા છે. અમે દેશની અખંડિતતા માટે સાથે આવ્યા છીએ. દેશમાં સરમુખત્યારશાહી લાવનારાઓનો વિરોધ કરાશે. હું મારી જાતને વિરોધ પક્ષ માનતો નથી. જો શરૂઆત સારી હોય તો ભવિષ્યમાં બધું સારું છે.

ઓમર અબ્દુલ્લા વિપક્ષી પાર્ટીઓનું સાથે આવવું એ મામૂલી બાબત નથી. અમારો હેતુ સત્તા મેળવવાનો નથી. આ સત્તા માટેની લડાઈ નથી, આ તો સિદ્ધાંતો અને વિચારધારાની લડાઈ છે.

દેશના બંધારણને બચાવવાની લડાઈ છે. હું મહેબૂબા મુફ્તી દેશના કમનસીબ ભાગની છું. જમ્મુ-કાશ્મીરને ફરીથી રાજ્યનો દરજ્જો મળવો જોઈએ.

સીતારામ યેચુરીએ કહ્યું કે આ ફાસીવાદ હિંદુત્વ રાજ્ય બનાવવા માંગે છે. દેશના બંધારણનું રક્ષણ કરવું પડશે.

અખિલેશ યાદવે કહ્યું કે તેઓ આવનારા સમયમાં જન આંદોલન કરશે. પટનાનો સંદેશ છે કે અમે સાથે મળીને કામ કરીશું. દેશના લોકો અને દેશ કેવી રીતે આગળ વધે છે તેના પર કામ કરશે. બિહાર નવજાગરણનું સાક્ષી બની રહ્યું છે.

હેમંત સોરેને કહ્યું કે આજે અહીં વિવિધ વિચારધારાના લોકો છે. ઘણી બાબતોને ધ્યાનમાં રાખીને સર્વસંમતિ સધાઈ હતી.આજે જે શરૂઆત થઈ છે તે દેશ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે. જો પ્રમાણિક દ્રઢ નિશ્ચય સાથે તેને વધારવામાં આવે તો દરેક મુકામ હાંસલ કરી શકાય છે. સાથે મળીને આગળની લડાઈ લડીશું.

લાલુ યાદવે કહ્યું કે અમે હવે સંપૂર્ણ રીતે ફિટ છીએ. હવે મોદીજીએ ફિટ થવું પડશે. આપણે એક થઈને લડવું પડશે. સાથે મળીને લડવું પડશે દેશ પતનની આરે છે.પીએમ મોદી અમેરિકામાં ચંદનનું વિતરણ કરી રહ્યા છે. હનુમાનજીએ તેને કર્ણાટકમાં ગદાથી માર્યા હતા. હનુમાનજી અમારી સાથે છે.

ભાજપ અને મોદીની ખરાબ હાલત થવાની છે. લાલુએ આ દરમિયાન રાહુલ ગાંધીના વખાણ પણ કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલે લોકસભામાં અને અદાણી મુદ્દે સારું કામ કર્યું.

### તાલુકા વિકાસ અધિકારીએ તલાટી મંત્રીને પત્ર પાઠવ્યો

## અમરેલીનાં અનુ.જાતિ અને અનુ.જાતિનાં ગામોમાં સ્મશાનભૂમિ નીમ કરાશે

### સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારની રજૂઆત સફળ રહી

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં તમામ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ અનુ.જાતિ અને અનુ.જનજાતિનાં વિસ્તારોનાં ગામોમાં સ્મશાનભૂમિ નીમ કરવાની માંગ સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે કરેલ.

જેને લઈને અમરેલીનાં તાલુકા વિકાસ અધિકારીએ જરૂરી તમામ ગામોનાં તલાટીમંત્રીને પત્ર પાઠવીને યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે.

### જાગૃત નાગરિક શિરીષભાઈ પટેલની રજૂઆત

## રાજુલા એ ઔદ્યોગિક વિકાસથી ધમધમતો વિસ્તાર છતાં સુવિધાસભર પોસ્ટઓફિસ નથી

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૩

રાજુલાનાં જાગૃત નાગરિક શિરીષભાઈ પટેલે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા શહેર એ ઔદ્યોગિક વિસ્તારનું અને અમરેલી જિલ્લાનું બીજા નંબરનું સીટી છે. અહીંની વસ્તી ૮૦,૦૦૦/– ઉપરની છે. અને અહીં જે પોસ્ટ ઓફિસ છે તે ભાડાનાં મકાનમાં છે. જેમાં પુરતી સુવિધાઓ નથી. પાર્કિંગની વ્યવસ્થા નથી અને સિનિયર સીટીઝન પોતાના કામ સબબ આવે તો તકલીફ પડે છે. બેસવાની વ્યવસ્થા પણ નથી.

આ પોસ્ટ ઓફિસમાં આશરે ૯૦ જેટલા ગામોનાં લોકો પોતાના કામકાજ અર્થે આવે છે.

હાલમાં જુની ભાડાની પોસ્ટ ઓફિસમાં પુરતી સગવડો નથી અને નવી અદ્યતન પોસ્ટ ઓફીસ થયેથી ગ્રાહકો પણ વધશે. જેથી અમરેલી જિલ્લાનાં રાજુલા સીટીમાં અદ્યતન સુવિધાવાળી પોસ્ટ ઓફિસ નવી બનાવવા આ વિસ્તારની અગ્રણી સંસ્થાઓ અને આગેવાનો દ્વારા માંગ કરવામાં આવી છે.

### જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી.નં. ૬૧/૨૦૨૩

અરજદાર : શ્રી અશોકભાઈ રણછોડભાઈ પાથર,
રે. નાના માચીયાળા, તા.જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
– વ –
તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના માચીયાળા, તા.જિ. અમરેલી.

:: **જાહેર નોટિસ** ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામના રહીશ શ્રી અશોકભાઈ રણછોડભાઈ પાથરએ તેઓના માતૃશ્રી કસ્તુરબેન રણછોડભાઈ પાથરનું મરણ તા.૦૬/૦૨/૧૯૯૪ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૫/૦૬/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૨૫૨ | ૧૩૬૮ |
| ૩ | તલ કાળા | ૨૫૩૦ | ૨૭૦૦ |
| ૪ | જીરૂ | ૫૭૦૦ | ૧૧૩૦૦ |
| ૫ | ઘઉં | ૪૨૬ | ૫૦૪ |
| ૬ | ચણા | ૯૧૨ | ૯૫૮ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૧ | ૧૪૮૦ |
| ૨ | ચણા | ૯૨૩ | ૯૩૨ |
| ૩ | જુવાર | ૯૬૧ | ૯૬૧ |
| ૪ | તલ સફેદ | ૨૭૭૨ | ૨૮૭૫ |
| ૫ | મગફળી | ૧૧૩૧ | ૧૧૩૧ |
| ૬ | ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | તુવેર | ૧૭૦૨ | ૧૭૦૨ |
| ૮ | સોયાબીન | ૯૫૧ | ૯૫૧ |
| ૯ | એરંડા | ૧૧૨૦ | ૧૧૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૧ | ૧૪૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ૩ | શીંગદાણા | ૧૭૫૧ | ૨૦૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૯૦૧ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૨૯૮૨ |
| ૬ | જીરૂ | ૯૫૦૦ | ૧૦૯૦૦ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૪૪૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૭ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૪૨ |
| ૧૧ | જુવાર | ૫૭૫ | ૧૦૬૨ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૫૭૦ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૯૬૭ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | – |
| ૧૫ | મેથી | ૧૦૬૧ | – |
| ૧૬ | ધાણા | ૧૦૬૬ | ૧૧૧૦ |
| ૧૭ | સોયાબીન | ૯૦૦ | ૯૮૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૪ |
| ૨ | ધાણા | ૮૩૨ | ૧૧૩૨ |
| ૩ | ચણા | ૮૦૦ | ૯૪૩ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૩ | ૪૫૩ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૯૩૫ |
| ૬ | સોયા | ૮૦૦ | ૯૪૧ |
| ૭ | મગફળી | ૧૩૭૦ | ૧૩૭૨ |
| ૮ | શીંગ દાણા | ૧૩૨૦ | ૧૯૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૪૯૦ | ૨૮૦૦ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | તુવેર | ૧૩૨૩ | ૧૩૨૩ |
| ૧૨ | લસણ | ૬૪૦ | ૧૨૦૦ |
| ૧૩ | બાજરો | ૪૪૮ | ૪૪૮ |
| ૧૪ | રાજગરો | ૧૦૦૦ | ૧૦૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૬૨૫ | ૨૭૯૦ |
| ૨ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૪૩૫ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૪૬૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૪૫૪ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૧૧૫૦ |
| ૭ | મગ | ૧૫૦૧ | ૧૭૨૬ |
| ૮ | મેથી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ૯ | તુવેર | ૧૫૦૦ | ૧૬૦૧ |
| ૧૦ | ચણા | ૯૧૦ | ૯૨૩ |
| ૧૧ | એરંડી | ૮૦૦ | ૧૧૨૩ |
| ૧૨ | શીંગદાણા | ૧૯૫૧ | ૨૦૧૦ |
| ૧૩ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૯૫૦ | ૯૭૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૭૮ | ૧૩૫૧ |
| ૨ | ઘઉં | ૪૨૧ | ૪૫૩ |
| ૩ | ચણા | ૭૫૫ | ૯૨૨ |
| ૪ | સોયાબીન | ૯૪૫ | ૧૦૦૦ |
| ૫ | ધાણા | ૧૦૦૧ | ૧૧૫૫ |
| ૬ | એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૭ | શીંગ દાણા | ૧૪૨૫ | ૧૯૫૨ |
| ૮ | તલ | ૨૮૨૫ | ૨૮૨૫ |
| ૯ | તુવેર | ૧૬૯૦ | ૧૭૬૫ |
| ૧૦ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૨ | ઈસબગુલ | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૧૩ | મેથી | ૧૦૬૬ | ૧૦૬૬ |

### ભાજપ યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ અને

# અમરેલીનાં યુવા નેતા મનિષ સંઘાણીનાં આજના જન્મદિને ઠેકઠેકાણે સેવાકાર્યો

### રાજયભરમાં કાર્યકર્તાઓ દ્વારા થશે ઉજવણી

અમરેલી, તા. ૨૩

ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનાં તા. ૨૪/૬/૨૦૨૩નાં રોજ જન્મદિવસ નિમિત્તે અમરેલી જિલ્લા અને પુરા ગુજરાત રાજયમાં વિવિધ સેવાકીયા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



જેમાં અમરેલી ખાતે અંધશાળા, બેરામુંગા સ્કૂલ, દીકરાનું ઘર અને મહિલા વિકાસ ગૃહ ખાતે ભોજન તેમજ વૃક્ષારોપણ, બટુક ભોજન, શૈક્ષણિક કીટનું વિતરણ, જયારે કુંકાવાવ, વાવડી રોડ, ચલાલા, સાવરકુંડલા, સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, બાબરા, ગાંધીનગર વગેરે જગ્યાઓ પર વિવિધ કાર્યકર્તા દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિ કરી અને યુવા નેતા મનીષ સંઘાણીનાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે.

# સા.કુંડલા વિધાનસભા વિસ્તારનાં કાર્યકર્તાઓ માટે અલ્પકાલીન વિસ્તારક કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૩

સાવરકુંડલા–લીલિયા વિધાનસભા અલ્પકાલીન વિસ્તારક કાર્યક્રમના સુંદર આયોજનમાં યોજાયેલ વર્ચ્યુઅલ બેઠકમાં હજારો અલ્પકાલીન વિસ્તારકો ઉપસ્થિત રહીને કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં અલ્પકાલીન વિસ્તારક કાર્યક્રમ સંદર્ભે આયોજિત વર્ચ્યુઅલ કાર્યશાળા બેઠકમાં સાંસદ નારણભાઈ કાછડિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, કાર્યશાળાની જવાબદારી નિભાવતા મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ



મહામંત્રી વિનોદભાઈ ચાવડા દ્વારા ૫૧ હજાર કરતા વધારે અલ્પકાલીન વિસ્તારકોને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ અવસરે સાવરકુંડલા – લીલિયા વિધાનસભા વિસ્તારક વનરાજભાઈ ડાભી, સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરિયા, લીલિયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ સાથે સાવરકુંડલા લીલિયા વિધાનસભાના તમામ મોરચાના પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત

# અમરેલી માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ સેમીનાર યોજાયો

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ–અમરેલીમાં તારીખ ૨૩/૦૬/૨૩નાં રોજ અમરેલી જિલ્લા વિનિમય કચેરી–અમરેલીનાં સંયુકત ઉપક્રમે ઓરસીઝ એમ્પ્લોયમેન્ટ સેમીનાર આયોજિત થયો. આ સેમિનારનાં તજજ્ઞ તરીકે મદદનીશ નિયામક રોજગાર કચેરી રાજકોટનાં વિદેશ રોજગાર સેલનાં રોજગાર અધિકારી અલ્તાફભાઈ ડેરૈયા અને અમરેલી રોજગાર કચેરીનાં અધિકારી કૌશિકભાઈ વાઘેલા, પ્રિન્સિ. ડો. ચુડાસમા, રોજગાર માર્ગદર્શક ડો. વેલિયત, કોલેજ સ્ટાફ મેમ્બર્સ અને



કોલેજની સમગ્ર વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યાં.

અલ્તાફભાઈ ડેરૈયા પોતાની આગવી શૈલીમાં વિદેશભાં અભ્યાસની તકો, વિદેશ રોજગાર સેલની કામગીરી, પાસપોર્ટ, વિઝા અને સ્ટડી લોન તેમજ રોજગાર કચેરી અંગેની ઉપયોગી માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર દર્શન ડો. વેલિયતએ કર્યુ હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# સા.કુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં અનેકવિધ કાર્યક્રમો દ્વારા યોગ દિનની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૩

કે. કે. હાઈસ્કૂલ – સાવરકુંડલામાં ૨૧મી જૂન વિશ્વ યોગ દિન નિમિત્તે પ્રભાત ફેરી તેમજ ચિત્ર સ્પર્ધા તદ્‌ઉપરાંત નગરપાલિકા સાવરકુંડલા આયોજિત ઓપન એર થિયેટરમાં યોગા વિશેની વિધવિધ માહિતી તેમજ કેટલાક આસનોની ખૂબ જ સુંદર સમજ પ્રેકટીકલ દ્વારા આપવામાં આવી હતી.

કે. કે. હાઈસ્કૂલના કુલ ૬૬૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. શાળાની વિદ્યાર્થીની બહેનોએ પ્રાર્થના હોલમાં એનએસએસ યુનિટ દ્વારા કેટલીક હળવી કસરત અને આસનોની તાલીમ શાળાના શિક્ષિકા બહેનો ભારતીબેન ચુડાસમા, તૃપ્તિબેન ભરાડ, વર્ષાબેન પટેલ, રીનાબેન નાગર, પ્રિયંકાબેન રોકડ, ઈલાબેન દાફડા, સોનલબેન વસાણી વગેરે બહેનોએ સરસ તાલીમ આપી હતી. આજ દિવસે કે. કે. હોસ્પિટલ (સરકારી)માંથી ડો. શિવાંગ ડોડીયા, સમાબેન પઠાણ, મિતલબેન મહેતા વગેરે ૧૪ થી ૧૯ વર્ષના ભાઈ/બહેનોને મૂંઝવતા કેટલાક પ્રશ્નોની વિગતે છણાવટ કરી હતી. તેમજ બહેનોને માટે યોગ્ય તાલીમ આપવામાં આવી હતી. જયારે તારીખ ૨૨/૬/૨૩ ના રોજ શાળાના વિદ્યાર્થીની મકવાણા ગોપી શૈલેષભાઈ ભૌતિક વિજ્ઞાન વિષયમાં પ્રથમ નંબરે આવતા સ્વ. રતિલાલ ભંડેરીની સ્મૃતિમાં તેમના સુપુત્રી પ્રતીક્ષાબેન ઓઝા તરફથી હસ્તે ડો. ચિંતન ભંડેરીના હસ્તે રૂપિયા ૫૦૦૦ નો ચેક વિદ્યાર્થીની ગોપીને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ ક્ષણે સાયન્સ વિભાગની સમગ્ર ટીમે તથા શાળાના આચાર્ય જે. ટી. ખડદીયાએ ડો. ભંડેરી સાહેબનો આભાર વ્યકત કર્યો હતો. આ તકે વિજ્ઞાનપ્રવાહના શિક્ષક જાગૃતભાઈ દવે, કૃષ્ણકાંત વ્યાસ, યોગેશભાઈ પરમાર, જે. એન. પટેલ, સાગરભાઈ વાડોદરિયા સમગ્ર સાયન્સ ટીમને શાળાના આચાર્ય જે. ટી. ખડદીયાએ બિરદાવી હતી.

# સા.કુંડલાનાં વીજપડી ગામનાં પ્રૌઢ હસ્તકલામાં અગ્રેસર



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામના ગોહિલ વનમાળીભાઈ બચુભાઈ જેઓ આશરે ૪૫ વર્ષની ઉંમરે પણ છેલ્લા પંદર વર્ષથી માતાજીના મઢ તેમજ જૈન મંદિરો તેમજ દેવી–દેવતાઓના આબેહૂબ મઢ તૈયાર કરી હસ્તકલાનો ઉત્તમ નમૂના રૂપ મંદિરો તૈયાર કરે છે.

જે વી.ડી.નગદીયા હાઈસ્કૂલની પાછળના ભાગે તેમની આ હસ્તકલાની કારીગરી અનેકવિધ ડિઝાઈનોમાં તૈયાર કરી સાગ તેમજ સીસમ જેવા લાકડાનો ઉપયોગ કરી મંદિર તૈયાર કરે છે.

હસ્તકલાનું આ ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. આમ આવું કૌશલ્ય એ તો હાથની કરામત છે જે કુદરત ભાગ્યશાળીને જ આપે છે એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું

### ગાગર જેવડા ગામમાં સાગર જેવું કાર્ય

# બાબરાનાં ખાખરીયા ગામે મહિલા મંડળ દ્વારા ૧૧ મણ લાડુ બનાવી શ્વાનને વિતરણ

### છેલ્લા પાંચ વર્ષથી મહિલાઓ દ્વારા સેવાકાર્ય

બાબરા, તા. ૨૩

બાબરા તાલુકાના ખાખરીયા ગામે મહિલા મંડળ દ્વારા ૧૧ મણ લાડુ બનાવી ાન ને વિતરણ કર્યા. છેલ્લા પાંચ વર્ષથી આ મહિલાઓ શ્વાનને લાડુંનું વિતરણ કરી સેવાનું ઉત્તમ કાર્ય કરી રહી છે. બાબરા તાલુકાના ખાખરીયા ગામે સ્થાનિક મહિલા મંડળ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ વર્ષોથી કરવામાં આવે છે. મહિલા મંડળના સ્વભંડોળમાંથી તમામ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. અહીં મહિલા મંડળ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી શ્વાનને લાડુનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ મહિલા મંડળની તમામ બહેનો દ્વારા ૧૧ મણ જેટલા લાડુ જાતે બનાવી ગામ અને સિમ વિસ્તારોમાં રખડતા શ્વાનને વિતરણ કરી સેવાનું ઉત્તમ કર્યુ કર્યુ હતું.



### આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે


# ચલાલા : હરિબા મહિલા કોલેજ ખાતે ચિત્ર અને નિબંધ સ્પર્ધા યોજાઈ

### સૈંકડો વિદ્યાર્થીનીઓ ઉત્સાહભેર જોડાઈ

ચલાલા, તા. ૨૩

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ–ચલાલા સંચાલિત હરિબા મહિલા કોલેજ ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઘણી બધી વિદ્યાર્થીનીઓ બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો.

આ કાર્યક્રમને સફળ બનાવવા હરિબા મહિલા કોલેજના ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી. પૂ. શ્રી રતિદાદાએ આશીર્વાદ આપ્યા હતા.



# વડેરાની જનતા વિદ્યાલયમાં આરોગ્ય શિક્ષણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૨૩

જનતા વિદ્યાલય–વડેરા ખાતે વાહક રોગના આગમચેતીનાં ભાગરૂપે આરોગ્ય શિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

સૌ પ્રથમ અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગમાંથી પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત આચાર્ય મુકુંદભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ અમરેલીથી પધારેલ જિલ્લા મેલેરિયા સુપરવાઈઝર જે.કે. રાજયગુરૂ, જે.બી. જોષી–તાલુકા હેલ્થ સુપરવાઈઝર – અમરેલી તેમજ ડી.જી. રાજયગુરૂ – એમ.પી.એચ.ડબ્લ્યુ–વડેરા તેમજ આચાર્યએ પોતાનાં પ્રવચનમાં વાહકજન્ય રોગ સામે આગમચેતી રાખવા શું કરવું જોઈએ ? તેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપેલ. અને તે માટેની પત્રિકાઓનું વિતરણ વિદ્યાર્થીઓમાં કરેલ. આભારવિધિ દેવમુરારી બાપુએ કરેલ.



આરોગ્ય શિક્ષણ કાર્યક્રમને સફળ બનાવવા પી.બી. દેવમુરારી, એન.બી. મહેતા, ડી.આર. પંડયા, જે.પી. પડાયાએ જહેમત ઉઠાવેલ.

# ધારી ખાતે ભાજપ દ્વારા ''અલ્પકાલિન વિસ્તારક કાર્યશાળા'' માં માર્ગદર્શન અપાયું



ધારી મુકામે ''અલ્પકાલીન વિસ્તારક કાર્યશાળા''માં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર, પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા અને વિનોદભાઈ ચાવડા દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવેલ. આ તકે પ્રખર રાષ્ટ્રવાદી અને ભારતીય જનસંઘના સંસ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી, શ્રધ્ધાંજલિ આપવામાં આવી, આ કાર્યક્રમમાં ૫૧ હજારથી પણ વધુ અલ્પકાલીન વિસ્તારકોએ માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, ધારી, બગસરા, ખાંભા વિધાનસભા વિસ્તારક વિજયભાઈ ભગત, પૂર્વ ધારાસભ્યો તેમજ મંડળના પ્રમુખઓ, વિધાનસભાના પદાધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અલ્પવિસ્તારકો, બુથ પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

## ''અમરેલી એક્સપ્રેસ''માં સચિત્ર અહેવાલ પ્રસિધ્ધ થતાં જ ધારાસભ્ય હરકતમાં

# સાવરકુંડલાનાં બાયપાસ માર્ગની બીમારી દૂર કરો : મહેશ કસવાલા

- અમરેલી જિલ્લામાં માર્ગ–મકાન વિભાગનાં પાપે અનેક માર્ગો બને અને તૂટી રહ્યા હોવાની અવારનવાર ફરિયાદ ઉભી થતી હોય છે
- સાવરકુંડલામાં ૪ વર્ષ પહેલા બનેલ બાયપાસ માર્ગમાં ગાબડાઓ પડી ગયા અંગે અહેવાલ પ્રસિધ્ધ થતાં જ ધારાસભ્ય સ્થળ પર દોડયા
- ૬ મહિના પહેલા બનેલ માર્ગ હજુ સલામત જોવા મળ્યો હોય જુના માર્ગની મરામત કરવા તંત્રને તાકીદ કરી
- જાગૃત ધારાસભ્યએ મિડિયાનાં અહેવાલની ગંભીરતા લઈને તેઓ લોકહિતમાં સંવેદનશીલ હોવાનું સાબિત કર્યુ



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલાનાં બાયપાસ રોડ પર નબળી કામગીરીના અખબારી ''અમરેલી એક્સપ્રેસ''નાં અહેવાલ બાદ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ જાત તપાસ કરીને આર. એન્ડ. બી.ના અધિકારીઓને બોલાવીને કડક સૂચનાઓ આપવામાં આવેલ હતી. વાહન ચાલકોને કોઈપણ પ્રકારની હાલાકી ના થાય તેની બાયપાસ રોડ પર ધારાસભ્યએ જઈ તપાસ કરી હતી. ત્યારે બાયપાસ રોડ બે તબક્કામાં બન્યો હોય એક બાયપાસ રોડ બની ગયેલો એને ૫ વર્ષ જેવો સમયગાળો થઈ ચૂકેલો હોય જયારે બાકીનો બાયપાસ રેલવે ફાટકથી પોણો પોણો કિલોમીટર સુધી નવો બનાવવામાં આવેલો હતો. જૂના રોડની અવધી પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાની હોય ને એ જૂના બાયપાસ માર્ગના કામમાં કદાચ ચૂક રહી ગઈ હોય તો એની જીણવટભરી તપાસ કરવાનો હુકમ જનતાના સાચા પ્રતિનિધિ તરીકે ધારાસભ્યએ કરાવ્યો હતો. ભ્રષ્ટાચારની ચાડી ખાતા બનેલા બાયપાસ રોડના નાળામાં ક્ષતિ અંગે અગાઉ પણ ધારાસભ્યએ સચિવ કક્ષા સુધી રજૂઆતો કરીને જૂના નાળા તોડીને નવા નાળા બનાવવામાં ઉડીને આંખે વળગે તેવી જહેમત ઉઠાવેલ હતી. જયારે ચૂંટણી ટાઈમે આપેલ બાયપાસ માર્ગનું વચન પાલન કરવાએડીચોટીનું જોર લગાવ્યું હતું ને ત્યારે રેલવે ફાટકથી લઈને પોણો પોણો કિલોમીટર બાયપાસ રોડની

અનુસંધાન પાના ૬ ઉપર

### મૃતક યુવતીનાં પિતા વતી એડી. ચીફ મેજીસ્ટ્રેટ કોર્ટમાં એડવોકેટ હરનીલ ત્રિવેદીએ ફરિયાદ નોંધાવી

# અમરેલીનાં દેવરાજીયા ગામની યુવતીએ આત્મહત્યા કર્યાનાં બનાવમાં ૮ વ્યકિતઓ વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ

### ચીફ કોર્ટ દ્વારા તાલુકા પોલીસને ૧૦ દિવસમાં રીપોર્ટ રજૂ કરવા આદેશ

અમરેલી, તા. ૨૩

અમરેલીનાં દેવરાજીયા ગામે ૨ દિવસ પહેલા એક યુવતીએ ગળફાંસો ખાઈ લીધા બાદ તાલુકા પોલીસ ધ્વારા એડી દાખલ થયા બાદ આ બનાવમાં આજે નવો વળાંક આવેલ છે અને મૃતક યુવતીનાં પિતાએ અમરેલીની ચીફ કોર્ટમાં ગામનાં જ ૮ વ્યકિતઓ વિરૂધ્ધ એડવોકેટ હરનીલ ત્રિવેદીને રોકીને ફરિયાદ દાખલ કરતાં મેજીસ્ટ્રેટ ધ્વારા તાલુકા પોલીસને ૧૦ દિવસમાં રીપોર્ટ રજૂ કરવાનો આદેશ આપવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, દેવરાજીયા ગામની યુવતીએ ૨ દિવસ પહેલા આત્મહત્યા કરી લેતા તેના પિતા કિશોરભાઈ ભાલુએ તેજ ગામનાં ચેતનભાઈ અરવિંદભાઈ તેજાણી, અરવિંદભાઈ દામજીભાઈ તેજાણી, ભાનુબેન અરવિંદભાઈ તેજાણી, ચિરાગભાઈ અરવિંદભાઈ તેજાણી, પાયલ ચિરાગભાઈ તેજાણી, કિંજલ અરવિંદભાઈ તેજાણી, પંકજભાઈ જગદીશભાઈ કાલેણા, કોમલ અરવિંદભાઈ તેજાણી વિરૂધ્ધ પોતાની દીકરીને તેમના ફોટા વાયરલ કરવાની ધમકી તેમની ઈચ્છા વિરૂધ્ધ શારીરિક સંબધ બાંધવા મજબુર કરતાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરવાની ફરજ પડતા આઈપીસી ૩૦૬, ૧૧૪ અન્વયે ગુન્હો આચરેલ હોવાનું જણાવેલ.

આ બનાવમાં ફરિયાદી વતી એડવોકેટ હરનીલ ત્રિવેદી ઉપરાંત એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ છે. એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ડી.પી. ઓઝા ધ્વારા ૧૦ દિવસમાં રીપોર્ટ રજૂ કરવા તાલુકા પોલીસને આદેશ આપેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# બાઢડા ગામે ડબલ સવારી બાઈકને કારે હડફેટે લેતા એક યુવકનું ગંભીર ઈજાથી મોત

### સાવરકુંડલાથી ડોળીયા ગામ તરફ જતાં બન્યો બનાવ

અમરેલી, તા. ૨૩

મહુવા તાલુકાનાં ડોળીયા ગામે રહેતા પરબતભાઈ સોમાભાઈ ચૌહાણ પ્રકાશભાઈ બાબુભાઈ સાખંટનાં મોટર સાયકલ પાછળ બેસી અને સાવરકુંડલાથી ડોળીયા ગામ જતા હતા. ત્યારે તેઓ સાવરકુંડલા તાલુકાનાં બાઢડા ગામ પાસેથી પસાર થતાં હતા ત્યારે કાર નં. જી.જે.–૦૪ ઈએ ૯૫૪૪નાં ચાલકે ડબલ સવારી બાઈકને હડફેટે લઈ બન્નેને પાછડી દેતા પરબતભાઈ સોમાભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૦)નું ગંભીર ઈજાથી મોત થયાની ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાઈ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# ભમ્મર ગામે પિયરમાં પરિણીતાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા મોત

### મૃતક પરિણીતાનાં લગ્ન ૧ વર્ષ પૂર્વે થયા હતા

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાનાં ભમ્મર ગામે રહેતી અમિષાબેન અરજણભાઈ વાળા નામની યુવતીનાં લગ્ન ૧ વર્ષ પહેલા થયા હતા. ત્યારે તેણીએ પોતાના પિયર ભમ્મર ગામે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# હિમખીમડી ગામની મહિલાઓને ધન્ય છે



ધારી નજીક આવેલ હિમખીમડીપરા વિસ્તારની સામાન્ય પરિવારની મહિલાઓ છેલ્લા ૧૦ વર્ષથી પશુઓને ઘાસચારો, શ્વાનને લાડુ, ગરીબ પરિવારોને અનાજ, ગરીબ દીકરીનાં લગ્ન, દવા આપવી સહિતની સેવાકીય પ્રવૃતિઓ કોઈપણ પ્રકારનાં પ્રચાર–પ્રસાર વગર કરી રહી છે. ઠેક ઠેકાણે આવી ઘટનાઓ બને તો ''રામરાજય'' આવે બાકી વાતોનાં વડા કરવાથી ''રામરાજય'' કયારેય આવે નહીં.















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)